+ ZOOM

૨૮મીએ ૨૬,૦૯૩ મે.વો.માગ હતી, ૨૯મીએ ૨૭,૫૧૬ મે.વો.માગ થઈ

દિવાળી નજીક આવી રહી છે ત્યારે ૨૪ કલાકમાં જ વીજ માગ ૧૪૦૦ મે.વો. વધી

ચોમાસું પુરું થયા બાદ ચાલુ માસમાં જ કૃષિ ક્ષેત્રની વીજ માગ ૭૨ ટકા વધી ગઈ

। વડોદરા ।

દિવાળી નજીક આવી રહી છે ત્યારે રાજ્યમાં વીજ માગમાં ૨૪ કલાકમાં જ ૧૪૨૩ મે.વો.નો વધારો નોંધાયો હતો. દિવાળી પહેલા ઉદ્યોગોમાં જૂના ઓર્ડરની ડિલીવરી માટે સતત વધુ ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. બીજી તરફ બજારોમાં દિવાળી વેચાણ માટે શો રૂમ અને દુકાનોમાં પણ રોશની, હેલોજન લેમ્પ લગાવવામાં આવી રહ્યા છે. જ્યારે ઘણી સોસાયટીઓમાં પણ અત્યારથી જ ઘણા રહીશોએ તેમના મકાનો ઉપર ઈલે. સિરિઝ લગાવવાનું શરૂ કરી દીધું છે. મોડી રાત સુધી ચાલી રહેલા બજારોને પગલે પણ વીજ માગમાં વધારો થઈ રહ્યો છે.

જ્યારે કૃષિ ક્ષેત્રે હાલ ૭૨ ટકા વીજ માગ ચાલુ ઓકટોબર માસમાં જ વધી જવા પામી હતી. આ વર્ષે અલ નીનોની અસરના કારણે વરસાદ ઓછો પડ્યો હોવાના કારણે હવે ૮૩ લાખ હેકટરમાં થયેલા વાવેતર બાદ પાકને છેલ્લા પાણી આપવા માટે પણ વીજ માગ વધી હતી. ઉલ્લેખનીય છેકે, ગત વર્ષે ઓકટોબર માસમાં ટોચની વીજ માગ ૨૧,૮૨૨ મે.વો.હતી. જે આ વર્ષે ૧૬મી ઓકટોબરના રોજ ટોચની વીજ માગ ૨૯૮૨૨ મે.વો. થઈ જવા પામી હતી. રાજ્યમાં ઓકટોબર માસમાં ૧૨૦૩૪ મિલિયન યુનિટ્સ વીજળી ગ્રાહકોને પૂરી પાડવામાં આવી હતી. જેની સામે ગત વર્ષે ઓકટોબર માસમાં ૮૯૯૪ મિલિયન યુનિટ્સ વીજ માગ સંતોષવામાં આવી હતી. ગત વર્ષે ૧૪૬૪ મિલિયન યુનિટ્સ વીજળી કૃષિ ક્ષેત્રે અપાઈ હતી. જેની સામે આ વર્ષે ૨૫૨૧ મિલિયન યુનિટ્સ વીજળી આપવામાં આવી હતી.

બીજી તરફ રાજ્યમાં ઔદ્યોગિક વીજ માગ પણ ૨૭ ટકા વધી જવા પામી હતી. ગત વર્ષે ૪૭૪૩ મિલિયન યુનિટ્સ વીજ સામે આ વર્ષે ૬૦૧૯ મિલિયન યુનિટ્સ વીજ માગ થઈ હતી. મેન્યુફેકચરિંગ એકમો અને ઔદ્યોગિક કલસ્ટરમાં સતત વીજ માગ વધી રહી હોવાનું ચિત્ર બહાર આવ્યું હતું.

પ્રા. શાળાના ૩૭,૪૧૪ શિક્ષકોની રવિવારે મુખ્ય શિક્ષક માટે HTAT

। અમદાવાદ ।

રાજ્યની સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતાં ૩૭,૪૧૪ ઉમેદવાર રવિવારના રોજ મુખ્ય શિક્ષક માટેની એચટાટ આપશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૧૯૧ કેન્દ્રોના કુલ ૧,૮૭૨ બ્લોકમાં સમગ્ર પરીક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજ્યની વિવિધ સરકારી શાળાઓમાં ખાલી પડેલી વર્ગ-૩ મુખ્ય શિક્ષકની કુલ ૩,૨૬૪ જગ્યામાં મેરિટના આધારે નિમણૂક આપવામાં આવશે. આ પરીક્ષા માટે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં કેન્દ્ર ગોઠવવામાં આવ્યાં છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, આ મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી બપોરે ૧૨ થી ૨:૧૫ કલાક દરમિયાન લેવામાં આવશે, જેનો કુલ સમય ૧૩૫ મિનિટનો રહેશે. પ્રશ્નપત્ર સંપૂર્ણપણે બહુવિકલ્પ સ્વરૂપનું અને ગુજરાતી માધ્યમમાં જ રહેશે, જેમાં વિભાગ-૧ ના ૫૦ અને વિભાગ-૨ ના ૧૦૦ મળીને કુલ ૧૫૦ હેતુલક્ષી પ્રશ્નો પૂછવામાં આવશે.

મેડિકલ-ડેન્ટલમાં ગુજરાતમાં ૮૮, દેશમાં ૫ હજાર સીટ ખાલી

મેડિકલ-ડેન્ટલ અને નર્સિંગમાં પ્રવેશની મુદત વધતાં વધુ એક રાઉન્ડ જાહેર થશે

નર્સિંગમાં પ્રવેશની મુદત લંબાવી, ૨૭૨ સરકારી બેઠક ખાલી, ખાનગીમાં ૭૧ ટકા ખાલી

। અમદાવાદ ।

મેડિકલ-ડેન્ટલ અને નર્સિંગમાં પ્રવેશની મુદત વધતા સમિતિ દ્વારા નવો રાઉન્ડ જાહેર કરવામાં આવશે. મેડિકલ અને ડેન્ટલમાં ગુજરાતમાં ૮૮ અને દેશભરમાં ૫ હજાર જેટલી બેઠકો ખાલી હોવાથી વધુ એક રાઉન્ડ યોજવાની કેન્દ્ર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. મેડિકલ અને ડેન્ટલમાં અગાઉના કાર્યક્રમ મુજબ ગત ૨૬મીના રોજ પ્રવેશની મુદત પૂર્ણ થઈ હતી. પરંતુ હવે ઓલ ઈન્ડિયા કવોટાનો રાઉન્ડ જાહેર કરાતાં રાજ્યની પ્રવેશ સમિતિ દ્વારા આગામી સમયમાં સ્ટેટ કવોટાનો રાઉન્ડ જાહેર કરશે. બીજી તરફ નર્સિંગમાં પણ આજે ૩૦ ઓકટોબરના રોજ પ્રવેશની મુદત પૂર્ણ થઈ હતી. પરંતુ નર્સિંગ કાઉન્સિલ દ્વારા ૧૫ નવેમ્બર સુધી મુદત લંબાવાતાં ખાલી બેઠકો માટે રાઉન્ડ જાહેર કરવામાં આવશે. બીએસસી નર્સિંગ સહિતના વિવિધ કોર્સમાં પાંચ રાઉન્ડના અંતે સરકારી કોલેજોની કુલ ૨,૪૮૯ બેઠક સામે ૨,૨૪૭ વિદ્યાર્થીઓના પ્રવેશ થતાં ૨૪૨ બેઠક ખાલી પડી છે. એ સિવાય ખાનગી કોલેજોની કુલ ૫૦,૦૮૬ બેઠક સામે માત્ર ૧૪,૪૪૬ પ્રવેશ થતાં ૩૫,૬૪૦ બેઠક ખાલી પડી છે. જેથી સરકારી કોલેજોમાં ખાલી બેઠક માટે સમિતિ દ્વારા છઠ્ઠો રાઉન્ડ જાહેર કરવામાં આવશે.

ગુજરાત યુનિ.માં ફરિયાદો હવે એક જ ક્લિકથી કરી શકાશે

અમદાવાદ। ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, હોસ્ટેલ અને ગ્રાઉન્ડમાં સફાઈ, વીજળી, પાણી, લિફ્ટ કે મરામતની ફરિયાદોના ઝડપી નિકાલ માટે ૧લી ડિસેમ્બરથી અત્યાધુનિક એન્ડ્રોઇડ એપ લોન્ચ કરાશે. વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ એક ક્લિકથી ફરિયાદ નોંધાવી શકશે, જેનું ડાયનેમિક ડેશબોર્ડથી મોનિટરિંગ થશે. ઉપરાંત, કેમ્પસના વ્યવસ્થાપન, સ્વચ્છતા અને સુરક્ષાની સીધી દેખરેખ માટે ૬૦ ભવનોમાં ખાસ પ્રોફેસરો-અધિકારીઓને ક્લબિલ્ડિંગ ઈન્ચાર્જક તરીકે નિયુક્ત કરાયા છે.



JIO PLATFORMS LIMITED

નોંધણીકૃત કાર્યાલય: કાર્યાલય - ૧૦૧, સ્કેફસેન, સેન્ટર પોઈન્ટ નજીક, પંચવટી પ રસ્તા, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૦૬, ગુજરાત, ભારત
ફોન: +૯૧ ૭૯૩૫૦ ૩૧૨૦૦ | ઈમેઈલ: jpl.investorrelations@jio.com | વેબસાઈટ: www.jio.com
CIN: U72900GJ2019PLC110815

૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના પૂરા થયેલા ત્રિમાસિક / અર્ધવાર્ષિક ગાળા માટે અનઓડિટેડ કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનો સાર

(₹ કરોડમાં, શેર દીઠ ડેટા સિવાય)

વિવરણ	પૂરું થયેલું ત્રિમાસિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬	પૂરું થયેલું અર્ધવાર્ષિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬	પૂરું થયેલું ત્રિમાસિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫
વેચાણ અને સેવાઓનું મૂલ્ય (આવક)	૪૭,૪૮૫	૯૩,૪૪૬	૪૨,૬૫૨
બાદબાકી: વસૂલ કરેલી જીએસટી	૭,૦૧૦	૧૩,૭૯૮	૬,૩૨૦
કાર્યકારી આવક	**૪૦,૪૭૫**	**૭૯,૬૪૮**	**૩૬,૩૩૨**
વેરા પૂર્વનો નફો	૧૧,૨૫૯	૨૧,૬૮૬	૯,૬૩૭
વેરા પછીનો નફો	**૮,૩૮૭**	**૧૬,૧૫૧**	**૭,૩૭૯**
સહયોગીઓ અને સંયુક્ત સહસોના હિસ્સા પછીનો નફો / (નુકસાન)	૦	૦	(૪)
વેરા પછીનો અને સહયોગીઓ અને સંયુક્ત સહસોના નફા / (નુકસાન) પછીનો નફો	**૮,૩૮૭**	**૧૬,૧૫૧**	**૭,૩૭૫**
કુલ એકત્રિત આવક (કર શિવાય)*	૮,૫૦૯	૧૬,૩૨૬	૭,૪૨૮
પેઈડ અપ ઈક્વિટી શેરમૂડી, ઈક્વિટી શેર ₹૧૦/- પ્રત્યેકી			
અન્ય ઈક્વિટી**	૮,૯૩૯	૮,૯૩૯	૮,૯૩૯
ઈક્વિટી શેર દીઠ કમાણી (₹માં) (પ્રત્યેકી ₹૧૦ની ફેસ વેલ્યુ)			
બેઝિક (₹માં)	૯.૩૮	૧૮.૦૭	૮.૨૫
ડાઈલ્યુટેડ (₹માં)	૯.૩૭	૧૮.૦૫	૮.૨૪

*બિન-નિયંત્રિત વ્યાજના હિસ્સા સહિત
**૩૧મી માર્ચ, ૨૦૨૬ના વર્ષાંત માટે અન્ય ઈક્વિટી ₹૩,૨૭,૦૩૮ કરોડ હતી.

નોંધ:

૧. ઉક્ત પરિણામો અને તેની યાદી ૩૦મી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ તેમની સંબંધિત બેઠકોમાં ઓડિટ સમિતિએ સમીક્ષા કરી છે અને બોર્ડ ઓફ ડાયરેક્ટરોએ મંજૂર કરી છે. કંપનીના કાનૂની ઓડિટરોએ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક માટે પરિણામોની મર્યાદિત સમીક્ષા કરી છે.

૨. અનઓડિટેડ સ્ટેન્ડઅલોન પરિણામો પર વધારાની માહિતી નીચે મુજબ છે:

(₹ કરોડમાં)

વિવરણ	પૂરું થયેલું ત્રિમાસિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬	પૂરું થયેલું અર્ધવાર્ષિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬	પૂરું થયેલું ત્રિમાસિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫
વેચાણ અને સેવાઓનું મૂલ્ય (આવક)	૫,૭૬૦	૧૧,૩૬૧	૪,૬૫૧
બાદબાકી: વસૂલ કરેલી જીએસટી	૮૭૯	૧,૭૩૩	૭૧૦
કાર્યકારી આવક	**૪,૮૮૧**	**૯,૬૨૮**	**૩,૯૪૧**
વેરા પૂર્વનો નફો	૫૬૨	૧,૦૯૮	૪૦૪
વેરા પછીનો નફો	**૪૧૯**	**૮૧૮**	**૩૦૧**
કુલ એકત્રિત આવક (કર શિવાય)	૪૩૪	૮૨૭	૩૧૧

૩. ઉક્ત સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ્સ) નિયમન ૨૦૧૫ના નિયમ ૩૩ અંતર્ગત શેરબજારોમાં નોંધાવવામાં આવેલા ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક / અર્ધવાર્ષિક માટેનાં અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોની વિગતવાર ફોર્મેટનો સાર છે.

૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક માટેનાં અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોની આખી ફોર્મેટ શેરબજારોની વેબસાઈટો (**www.bseindia.com / www.nseindia.com**), કંપનીના વેબ પેજ **https://www.jio.com/about/investor-relations/financials/financials-results/** પર ઉપલબ્ધ છે અને નિમ્નલિખિત ક્વિક રિસ્પોન્સ કોડ સ્કેન કરીને પણ એક્સેસ કરી શકાશે.

જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ વતી
રહી/-
આકાશ એમ. અંબાણી
મેનેજિંગ ડાયરેક્ટર

તારીખ: ૩૦મી ઓક્ટોબર, ૨૦૨૬

www.jio.com

TENDER NOTICE

GLOBAL HOSPITAL & RESEARCH CENTRE

Ref. No.: GIHS Date: 31.10.2026

Sealed item-rate tenders are invited from eligible contractors for Civil, Structural, Finishing and Allied External Works for the Ground Floor of the Global Institute of Health Sciences (GIHS), a hospital coming up in Talheti, Abu Road, District Sirohi, Rajasthan (Built-up Area: 4,485.81 sq. m).

Estimated Cost: ₹11,83,08,775.88 /- | Completion Period: 12 Months | Tender Fee: ₹5,000/- | Document/Site Visit Fee: ₹1,000/- (Non-refundable) | EMD: 23,66,175.52/-(Refundable).

Tender documents are available at the GIHS Project Office, near Saroj Lalji Mehrotra Global Nursing College, Tartoli Road, Abu Road, from 9:00 AM to 4:00 PM. Document Issue Period: 02.11.2026 to 14.11.2026.

Last Date for Physical Submission of Sealed Tenders: 21.11.2026, up to 3:00 PM.

Online/email bid submissions are not accepted. Detailed eligibility criteria and tender conditions are available in the tender documents.

Contact: 9925035248 | Email: info@ghrc-abu.com

The Trust reserves the right to accept or reject any or all tenders without assigning reasons.

Managing Trustee
Global Hospital & Research Centre

SARDAR VALLABHBHAI PATEL INTERNATIONAL AIRPORT
AHMEDABAD, GUJARAT ("AIRPORT")
"CORRIGENDUM -5"

INVITATION TO PARTICIPATE IN BIDDING PROCESS FOR CONSTRUCTION OF AIRPORT DEVELOPMENT WORKS AT AIRPORT

Interested parties are invited to participate in the competitive e-tendering process for Construction of Airport Development Works at Sardar Vallabhbhai Patel International Airport, Ahmedabad.

Ahmedabad International Airport Limited (AIAL) had issued a Request for Proposal (RFP) dated 26th August 2026. Subsequently, **Corrigendum 5** dated **31st October 2026** has been issued, amending the Scope of Work, definition of "Similar Work" and bid submission timelines.

Interested parties are requested to visit the website, **https://airports.abcprocure.com/** and access the Corrigendum -05 and RFP.

Reference: AMD/2026/ AMD /AIRPORT DEVELOPMENT WORK/RFP

RFP and Corrigendum -5 will be available for access until 7:00 p.m. (IST) on 4th November 2026.

ઓન લાઈન ટુકી મુદતની જાહેર નિવિદા નં.૨૩ સને ૨૦૨૬–૨૭

કાર્યપાલક ઈજનેર,પાટનગર યોજના વિભાગ નં.–૩, પાટનગર યોજના ભવન,'બી' બ્લોક, પ્રથમમાળ, સેકટર નં.૧૬,ગાંધીનગર.ફોન નં.૦૭૯ – ૨૩૨૫૯૫૬૨ ધ્વારા નીચેના કામ માટે ટેન્ડર માંગવામાં આવે છે..

અનુ નં.	કામનું નામ		
		૧	ટેન્ડરની અંદાજી રકમ
		૨	બાનાની રકમ
		૩	ટેન્ડર ફી
		૪	ઈજારદારશ્રીની યોગ્યતા
૧	વામબ્રન્ટ ગુજરાત અંર્તગત ગાંધીનગરના રોડ રસ્તાઓ ઉપર વિવિધ સ્થળે ડીજીટલ સ્ટેટેયુ/સ્કલ્પચર રાખવાનું કામ.	૧	૬,૨૦,૦૦,૦૦૦.૦૦
		૨	૬,૨૦,૦૦૦.૦૦
		૩	૧૨,૦૦૦.૦૦
		૪	એલીજીબ્લીટી ક્રાયટેરીયા મુજબ

ટેન્ડરના દસ્તાવેજો અત્રેની વેબ સાઈટ https.tender.nprocure.com પર **તા.૦૪/૧૧/૨૦૨૬ ના ૧૭:૦૦** કલાક સુધી જોવા મળી શકશે અને ભરી શકાશે. શકય હશે તો **તા.૦૪/૧૧/૨૦૨૬** ના રોજ **૧૭:૦૫** કલાકે ટેન્ડર બીડ ઓપનીગ કરવામાં આવશે.બાનાની રકમ,ટેન્ડર ફી અને જરૂરી ડોકયુમેન્ટ જેવા કે રજિસ્ટ્રેશનની નકલ,પાન નંબર, જી.એસ.ટી નંબર વગેરે તમામ દસ્તાવેજો કરજીયાત સ્કેન કરી ટેન્ડર સાથે અચુક ડાઉનલોડીંગ કરવાનાં રહેશે.ટેન્ડર ફી અને ઈ.એમ.ડી તથા આ દસ્તાવેજો આ કચેરીમાં રજી.પો.એ.ડી.થી **તા.૧૨/૧૧/૨૦૨૬** સુધીમાં કામકાજના સમય દરમ્યાન અસલમાં મોકલી આપવાનાં રહેશે.

ટેન્ડર નોટીસમાં હવે પછીના સુધારા/વધારાઓ ટૈનિક પેપરમાં નિવિદા પ્રસિધ્ધ ન કરતાં ઓનલાઈન કરવામાં આવશે અને ઓન લાઈન ટેન્ડર ભરવા તેમજ વધારાની માહિતી માટે અમારી ઉપર દર્શાવેલ વેબ સાઈટ જોવા વિનંતી છે.

આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ એક કે બધા જ ટેન્ડરો સ્વીકારવા કે રદ કરવા તેનો હક્ક ખાતાને અબાધિત રહેશે.જેના કોઈ જ કારણો આપવામાં આવશે નહી. (માહિતી/૧૭૬૭/૨૦૨૬–૨૭)

ઉત્તર મધ્ય રેલવે

ઈ-ટેન્ડર નોટિસ નં. ૨૦૨૬-ઓક્ટોબર-૦૬ તારીખ : ૨૮.૧૦.૨૦૨૬

ઈ-ટેન્ડરિંગ ટેન્ડર નોટિસ

ડિવિઝનલ રેલવે મેનેજર/એન્જિનિયરિંગ/ઉત્તર મધ્ય રેલવે, આગરા દ્વારા ભારતના રાષ્ટ્રપતિ માટે તેમના વતી નીચે આપેલ કામો માટે 'ખુલ્લા ટેન્ડર' ઈ-ટેન્ડરિંગ માત્ર ઓનલાઈન માધ્યમથી આમંત્રિત કરે છે.

ટેન્ડર નંબર : ૨૦૨૬–ઓક્ટોબર–૦૬–૦૧	અંદાજિત ખર્ચ રૂ. : ૮૪,૩૮,૮૦૩.૬૮

કામનું વિવરણ : સહાયક મંડળ ઓપ્તિનિયર, દ્વિતીય, મથુરા હેઠળ વરિ. ખંડ એન્જિનિયર/ રેલવલ્/બૃજનગરના અધિકાર ક્ષેત્ર હેઠળ વિવિધ રેલવપ્ય કામો (બાકી કામો).

ટેન્ડર પ્રમા કરવા તથા ટેન્ડર વિશે સંપૂર્ણ માહિતી માટે કૃપા કરી ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર જુઓ. ટેન્ડરો માત્ર વેબપોર્ટલ www.ireps.gov.in ના માધ્યમથી તારીખ ૧૮.૧૧.૨૦૨૬ના રોજ ૧૫.૦૦ કલાક સુધી જમા કરી શકાશે. 2462/26(K)

North central railways www.ncr.indianrailways.gov.in @CPRONCR

પશ્ચિમ રેલવે – અમદાવાદ

(સર્વેક્ષણ અને નિર્માણ)

શુદ્ધિપત્ર – ઈ-ટેન્ડર સૂચના

ઈ-ટેન્ડર નંબર: DyCE-C-BHUJ-NL-EPC-01 અને 02; ટેન્ડર નંબર DyCE-C-BHUJ-NL-EPC-02 માટે ખર્ચ સંબંધિત શુદ્ધિપત્ર તથા **ટેન્ડર નંબર DyCE-C-BHUJ-NL-EPC-01** માટે પ્રી-બિડ ડોકેટમ્સ (બિડ પૂર્વની બેઠક) અંગેની સૂચના. **(1) ખર્ચ સંબંધિત સૂચારાપત્ર – ટેન્ડર નંબર: DyCE-C-BHUJ-NL-EPC-02; દેશલપર-બાજીપીર-વુણા વચ્ચે નવી રેલવે લાઇનનું નિર્માણ કાર્ય.**

વિગત	અગાઉ પ્રસિદ્ધ કરેલ (NIT કિંમત)	સુધારેલ (NIT કિંમત)
NIT કિંમત	₹૧૦,૬૧,૭૬,૪૦,૯૦૭.૮૫	₹૧૦,૧૭,૫૭,૨૫,૪૪૪.૭૬

(2) પ્રથમ પ્રી-બિડ કોન્ફરન્સ – ટેન્ડર નંબર: DyCE-C-BHUJ-NL-EPC-01; વાયોર અને લખપત વચ્ચે નવી રેલવે લાઇનનું નિર્માણ કાર્ય. પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં હાથ ધરવામાં આવનાર કામો માટેના EPC ટેન્ડરના સંદર્ભમાં પ્રથમ પ્રી-બિડ કોન્ફરન્સ (બિડ પૂર્વની બેઠક) ઓનલાઇન નીચે મુજબ યોજવામાં આવશે: **તારીખ: મંગળવાર, 03.11.2026; સમય: સવારે 11.00 વાગ્યે ; માધ્યમ: ગૂગલ મીટ (Google Meet); જોડાવા માટેની લિંક: https://meet.google.com/azh-vkev-hbr;** સંભવિત બિડર્સને આ કોન્ફરન્સમાં હાજર રહેવા વિનંતી કરવામાં આવે છે. વધુ વિગતો માટે કૃપા કરીને IREPS વેબસાઇટ https://www.ireps.gov.in ની મુલાકાત લો. CPM – 094

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

બૅંક ઑફ બરોડા Bank of Baroda India's International Bank
https://bankofbaroda.bank.in

મુખ્ય કાર્યાલય: અલકાપુરી, વડોદરા 390 007
કોર્પોરેટ કાર્યાલય: બરોડા કોર્પોરેટ સેન્ટર, સી-26, "જી" બ્લોક, બાંદરા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદરા (ઇસ્ટ), મુંબઈ 400 051

નિર્દિષ્ટ/છેલ્લી તારીખની સૂચના
(એક શેરધારક ડાયરેક્ટરની ચૂંટણી સંબંધમાં)

બેંકના એક શેરધારક ડાયરેક્ટર 23.12.2026ના રોજથી નિવૃત્ત થઈ રહ્યા છે. આ ખાલી જગ્યા ભરવા માટે બેંકે કેન્દ્ર સરકાર સિવાયના શેરધારકોમાંથી એક શેરધારક ડાયરેક્ટરની ચૂંટણીની પ્રક્રિયા શરૂ કરવાનું નક્કી કર્યું છે.

બેંક ઓફ બરોડા જનરલ (શેર્સ અને મિટિંગ્સ) નિયમન 1998 સુધારિત મુજબ (નિયમો) અને અન્ય લાગુ નિયમો અંતર્ગત અત્રે સૂચના આપવામાં આવે છે કે કેન્દ્ર સરકાર સિવાયના પોતાની અંદરથી શેરધારકો દ્વારા ચૂંટવામાં આવનારા બેંક ઓફ બરોડાના **એક** ડાયરેક્ટરની ચૂંટણીમાં ભાગ લેવા (એટલે કે, **નામાંકન કરવા, લડવા અને મત આપવા**) હકદાર શેરધારકોની યાદી નક્કી કરવાના હેતુથી **નિર્દિષ્ટ (છેલ્લી તારીખ)** તરીકે **શુક્રવાર, 20 નવેમ્બર 2026** નિશ્ચિત કરવામાં આવી છે, જે ચૂંટણી વિડિયો કોન્ફરન્સિંગ (વીસી)/અન્ય ઓડિટો વિઝ્યુઅલ માધ્યમ (ઓએવીએમ) થકી સોમવાર, 21મી ડિસેમ્બર, 2026ના રોજ યોજાવાની પ્રસ્તાવિત બેંકના શેરધારકોની અસાધારણ સામાન્ય સભા (ઇજીએમ) ખાતે બેંકિંગ કંપનીઝ (એક્વિઝિશન એન્ડ ટ્રાન્સફર ઓફ અંડરટેકિંગ્સ) ધારા 1970ની કલમ 9(3) (i) અંતર્ગત યોજાશે. અત્રે વધુમાં માહિતગાર કરવામાં આવે છે કે નિયમનોના નિયમન 65 (ii) અંતર્ગત નામાંકન ફોર્મ વગેરે સુપરત કરવાની **છેલ્લી તારીખ 5 ડિસેમ્બર 2026** ના રોજ સાંજે 4.00 વાગ્યા સુધીની રહેશે. ચૂંટણી માટે સુસંગત ફોર્મ સાથે મિટિંગ માટે સૂચના ટૂંક સમયમાં જારી કરાશે અને બેંકની વેબસાઇટ પર પણ મૂકવામાં આવશે.

બૅંક ઓફ બરોડા વતી
એસ બાલાકુમાર
કંપની સેક્રેટરી

તારીખ: 31મી ઓક્ટોબર, 2026
સ્થળ : મુંબઈ

104/26-27

GMDC
Gujarat Mineral Development Corporation Ltd.
(A Government of Gujarat Enterprise)
FUELING THE GROWTH

Gujarat Mineral Development Corporation Ltd.
(A Government of Gujarat Enterprise)
CIN: L14100GJ1963SGC001206
Khanij Bhavan, 132 Feet Ring Road, Near University Ground, Vastrapur, Ahmedabad – 380 052

Great Place To Work. Certified OCT 2025-OCT 2026 INDIA
GOLDEN PEACOCK AWARDS 2025
GOLDEN PEACOCK AWARDS WINNER 2026

(See Regulation 47 of the SEBI (LODR) Regulations, 2015)

UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER / HALF YEAR ENDED 30 SEPTEMBER, 2026

(₹ in Crore)

Sr No.	Particulars	STANDALONE					
		Quarter Ended			Half Year Ended On		Year ended
		30/09/2026 (Unaudited)	30/06/2026 (Unaudited)	30/09/2025 (Unaudited)	30/09/2026 (Unaudited)	30/09/2025 (Unaudited)	31/03/2026 (Audited)
1	Total Income from Operations (net)	902.97	906.64	527.58	1,809.61	1,260.18	2,653.38
2	Net Profit for the period (before Tax and Exceptional items)	234.60	227.25	159.51	461.85	384.20	779.23
3	Net Profit for the period before tax (after Exceptional items)	234.60	227.25	633.94	461.85	858.63	1,301.88
4	Net Profit for the period after tax (after Exceptional items)	171.23	163.01	470.35	334.24	634.48	990.81
5	Total Comprehensive Income for the period [Comprising Profit for the period after tax and Other Comprehensive Income (after tax)]	167.46	156.53	449.35	323.99	637.14	986.52
6	Equity Share Capital	63.60	63.60	63.60	63.60	63.60	63.60
7	Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet)						7,004.97
8	Earning Per Share (of ₹2/- each) (for continuing and discontinued operations) (not annualised for the Quarter)						
	1. Basic: (₹)	5.38	5.13	14.79	10.51	19.95	31.16
	2. Diluted (₹)	5.38	5.13	14.79	10.51	19.95	31.16

(₹ in Crore)

Sr No.	Particulars	CONSOLIDATED					
		Quarter Ended			Half Year Ended On		Year ended
		30/09/2026 (Unaudited)	30/06/2026 (Unaudited)	30/09/2025 (Unaudited)	30/09/2026 (Unaudited)	30/09/2025 (Unaudited)	31/03/2026 (Audited)
1	Total Income from Operations (net)	902.97	906.64	527.58	1,809.61	1,260.18	2,653.38
2	Net Profit for the period (before Tax and Exceptional items)	234.60	227.25	155.27	461.85	379.70	745.80
3	Net Profit for the period before tax (after Exceptional items)	234.60	227.25	629.70	461.85	854.13	1,268.45
4	Net Profit for the period after tax (after Exceptional items)	170.79	163.43	465.75	334.22	629.52	956.67
5	Total Comprehensive Income for the period [Comprising Profit for the period after tax and Other Comprehensive Income (after tax)]	167.02	156.95	444.75	323.97	632.18	952.38
6	Equity Share Capital	63.60	63.60	63.60	63.60	63.60	63.60
7	Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet)						7,009.14
8	Earning Per Share (of ₹ 2/- each) (for continuing and discontinued operations) (not annualised for the Quarter)						
	1. Basic: (₹)	5.37	5.14	14.65	10.51	19.80	30.08
	2. Diluted (₹)	5.37	5.14	14.65	10.51	19.80	30.08

Note: The above is an extract of the detailed format of Financial Results for the quarter ended on 30th September 2026 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015 and SEBI Circular No. CIR/CFD/FAC/62/2016 dated 5th July 2016. The full format of the Financial Results for the quarter ended / half year ended on 30th September 2026 along with Explanatory Notes is available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com).

For and on behalf of the Board of Directors

Place : Ahmedabad
Date : October 30, 2026

Ajay Bha... M...
Managing ...

Powered by

આગ સામે તકેદારી જરૂરી, પણ યાત્રીઓની સુવિધાનું શું?

ટ્રેનમાં રાત્રે મોબાઈલ ચાર્જિંગ બંધ કરવાના રેલવેના નિર્ણયથી વિવાદ

નવી દિલ્હી, તા.૩૦

રેલવે મંત્રાલયે આગની ઘટનાઓ અટકાવવા માટે રાત્રે ૧૧થી સવારે પાંચ કલાક સુધી ટ્રેનોમાં મોબાઈલ અને લેપટોપના ચાર્જિંગ પોઈન્ટ બંધ રાખવાનો આદેશ આપ્યો છે. જો કે, રેલવેના નિષ્ણાંતો અને નિવૃત્ત અધિકારીઓએ આ નિર્ણયનો વિરોધ કર્યો છે. તેમના મતે મુસાફરોને અસુવિધા આપવાની બદલે વીજળીની વ્યવસ્થામાં સુરક્ષાના યોગ્ય પગલા લેવા જોઈએ.

નિષ્ણાંતોના મતે મોબાઈલ ઈ-ટિકિટ અને સુરક્ષા માટે જરૂરી, શોટ સર્કિટ રોકવા ફ્યુઝ બેસાડવાની સલાહ

રેલવે બોર્ડના ભૂતપૂર્વ સભ્ય સુબોધ જૈનના જણાવ્યા મુજબ આગ લાગવાનું મુખ્ય કારણ મોબાઈલ ચાર્જિંગ નહિ, પણ સોકેટ, વાયરિંગ અને ઈલેક્ટ્રિક સર્કિટમાં ખામી છે. વધુ વીજપ્રવાહ થાય ત્યારે આપમેળે જ વીજ પૂરવઠો બંધ કરી દે તેવા ફ્યુઝ અને સર્કિટ બ્રેકર લગાવવા જોઈએ. લેપટોપ ચાર્જિંગ શક્ય ન હોય તો યુએસબી પોર્ટની સુવિધા પણ આપી શકાય.

નિષ્ણાંતોએ નવેમ્બર ૨૦૨૩માં નવી દિલ્હી-દરભંગા હમસફર ટ્રેનના કોચમાં લાગેલી આગ વિશે રેલવે સુરક્ષા કમિશનરના અહેવાલનો ઉલ્લેખ કર્યો હતો. તેમાં જૂના એલએચબી કોચમાં ચાર્જિંગ, લાઈટ અને પંખાના સર્કિટમાં યોગ્ય ક્ષમતાના ફ્યુઝ લગાવવાની ભલામણ કરવામાં આવી હતી. જો કે, આ કામગીરી વિશે હજી સ્પષ્ટ માહિતી મળી નથી.

પ્રવાસીઓના સંગઠનોના મતે આજના સમયમાં મોબાઈલ અત્યંત આવશ્યક છે.

કોને બાયોમેટ્રિક્સ કરાવવું તે ઓસ્ટ્રેલિયા નક્કી કરશે

ઓસ્ટ્રેલિયામાં વિઝા માટે હવેથી બાયોમેટ્રિક્સ જરૂરી

નવી દિલ્હી, તા. ૩૦

ઓસ્ટ્રેલિયા જવાની તૈયારી કરી રહેલા ભારતીય વિદ્યાર્થી અને વર્કરોએ હવે વિઝા માટે અરજી કરવા દરમિયાન ફિંગરપ્રિન્ટ અને ચહેરાની તસ્વીર એટલે કે બાયોમેટ્રિક્સ આપવા પડશે. બાયોમેટ્રિક્સને લઈને નવો નિયમ લાગુ થઈ ચૂક્યો છે.

વિઝિટર વિઝા, વર્ક વિઝા, સ્ટુડન્ટ વિઝા, પરમેનન્ટ માઈગ્રન્ટ થતાં બધાને આ નિયમ લાગુ પડશે

બાયોમેટ્રિક્સનો નવો નિયમ અમલમાં આવતા તેના અધિકાર ક્ષેત્રમાં ઓસ્ટ્રેલિયા આવતા જતા ભારતના મોટાભાગના લોકો આવી જશે. પછી તે વિઝિટર વિઝા પર જતાં હોય, સ્ટુડન્ટ વિઝા પર જતાં હોય, વર્કર વિઝા પર જતાં હોય કે પરમેનન્ટ માઈગ્રન્ટ તરીકે ઓસ્ટ્રેલિયા જવા માટે અરજી કરતાં હોય તે બધાએ બાયોમેટ્રિક્સ આપવા પડશે.

જો કે તેનો અર્થ એવો પણ નથી કે દરેક ભારતીય અરજદારે બાયોમેટ્રિક્સ આપવું પડશે. ઓસ્ટ્રેલિયાના હાઈ કમિશને સ્પષ્ટ કર્યુ છે કે આ નિયમ સંપૂર્ણપણે વ્યક્તિગત પરિસ્થિતિઓ પર આધારિત હશે. અરજદાર પ્રક્રિયા પૂરી કરશે તો ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ તેની સૂચના આપશે.

ઉત્તર પશ્ચિમ રેલવે

ઓપન ઈ-ટેન્ડર નોટિસ
(સિંગલ સ્ટેજ બે પેકેટ સિસ્ટમ ઈપીસી મોડ આધાર ઉપર)

ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, પ્રોજેક્ટ, ઉત્તર પશ્ચિમ રેલવે, જયપુર ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ઓપન ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડર ધારકો ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય પહેલા તેમના અસલ/સુધારેલ ઓફરને ઓનલાઈન સુપ્રત કરે. ઈ-ટેન્ડર નોટિસ નંબર **EL-PROJ-PSI-All-EPC-04 કામનું નામ સ્થળ સાથે :** ઉત્તર પશ્ચિમ રેલવેના અજમેર ડિવિઝનમાં ચિત્તોડગઢ (COR) - ઉદયપુર (UDZ) વિભાગમાં 2x25 KV ટ્રેક્શન સિસ્ટમ (સ્કોટ કનેક્ટેડ ટ્રાન્સફોર્મર)ને 132/55 KV ટ્રેક્શન સબસ્ટેશન, સેક્સનિંગ પોસ્ટ (SPs) અને સબ સેક્સનિંગ પોસ્ટ (SSPs) ની ડિઝાઈન પુરૂ પાડવું, નિર્માણ, ટેસ્ટિંગ અને કાર્યરત કરવું. **કામની અંદાજિત કિંમતઃ** રૂા.156,21,40,142.90, **ભરવાની અર્નેસ્ટ રકમઃ** રૂા.3,12,42,800.00, **પૂર્ણતાનો સમયગાળોઃ** 540 દિવસ, **ઓનલાઈન ઈ-ટેન્ડર સુપ્રતિની બંધ તારીખ અને સમયઃ** 29.12.2026 (15.00 કલાક), વેબસાઈટ વિગતો જ્યાં ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશેઃ **www.ireps.gov.in.**
નોંધઃ- મેન્યુઅલ ટેન્ડરનો સ્વિકાર કરાશે નહિ.
1556-PH/26
અમને ફોલો કરો : /NWRailways /NWRailways_

Celebrate Diwali
Khanvel RESORT SILVASSA
Ideal Place For Marriages, Conferences & Relaxation
2½hrs Drive From Mumbai /Surat /Nashik
079-48964488, 09327693308, 09824056861
sales@khanvelresort.com
www.khanvelresort.com

જાહેર નોટીસ | **અરજદારના વકીલ શ્રી બી. સી. શેઠ**

અમદાવાદ ખાતેની શહેર દિવાની અદાલતમાં (સિટી સિવિલ કોર્ટ)

દિવાની પરચુરણ અરજી નં. ૪૦૬ / ૨૦૨૬   **આંક - ૦૭**

અરજદાર : શાહ મનીષ ચીમનલાલ

રહે.: પારૂલ બંગલોઝ, શ્યામ સુંદર સામે, ગોરધનવાડીનો ટેકરો, કાંકરિયા, અમદાવાદ.

બાબત : ગુજરનાર ચીમનલાલ હિરાચંદ શાહના વીલનું પ્રોબેટ સર્ટીફીકેટ મેળવવાની અરજી

આથી સર્વે લોકોને તથા આ કામમાં હીત તથા સંબંધ ધરાવતા સર્વે શખ્સોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ચીમનલાલ હિરાચંદ શાહનું તા. ૨૩-૧૨-૨૦૧૮ના રોજ અમદાવાદ મુકામે અવસાન થયેલ છે. તેઓએ પોતાની મિલકતનું તા. ૩૧-૮-૨૦૧૩ના રોજ વીલ કરેલ છે જે વીલના આધારે મિલકત અંગેનું પ્રોબેટ સર્ટીફીકેટ મેળવવા માટે અરજદારે આ અરજી કરેલી છે.

ગુજરનાર ચીમનલાલ હિરાચંદ શાહના નામે આવેલ સ્થાવર મિલકતમાં જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૭ (ઓઢવ)ના સીટી તાલુકાના મોજે ગામ રાજપુર-હીરપુરની સીમના ટી.પી.સ્કીમ નં. ૪ના ફા. પ્લોટ નં. ૨૭/૧ પૈકીના સબ પ્લોટ નં. ૧૭/અની ૪૦૪ ચો. વાર જમીન તથા તેની ઉપર આવેલ બાંધકામ વાળી મિલકત જેની કિંમત રૂા. ૫,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ કરોડ પુરા) જેટલી થાય છે.

આથી અરજદારને અરજીમાં જણાવ્યા પ્રમાણે વીલ મુજબની મિલકત માટે પ્રોબેટ સર્ટીફીકેટ આપવામાં આવે તેમાં કોઈપણ શખ્સને કોઈપણ પ્રકારનો વાંધો યા હરકત હોય તો તેઓએ તા. ૨૬-૧૧-૨૦૨૬ના રોજ સવારના ૧૧-૦૦ વાગ્યે જાતે યા માહિતગાર વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થવું જો તેમ કરવામાં કસુર થશે તો હાજર રહેલા પક્ષકારોને સાંભળીને આ અરજીનો કાયદેસર નિકાલ કરવામાં આવશે, જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી. આજ તા. ૨૯-૧૦-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (એ.પી. કોન્ટ્રાક્ટર) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર (એમ. યુ. પ્રજાપતિ) બેન્ચ ક્લાર્ક | કોર્ટનો સિક્કો | (સુનીતા કે. ભગતાની) એડીશનલ રજીસ્ટ્રાર સીટી સીવીલ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ

Gandhinagar Railway and Urban Development Corporation Limited (GARUD)
GARUD A JV of Govt. of Gujarat & IRSDC
Block No. 3, 3rd Floor, E1-Wing, Karmayogi Bhavan, Sector 10 A, Gandhinagar-382010 (Gujarat)

Online tender Notice No. 936 of 2026-2027

Gandhinagar Railway and Urban Development Corporation (GARUD), **Invites Tender from Reputed Firms / Agencies for Appointment of a licensee for Two Number of Shops at Gandhinagar Capital Railway Station, Gandhinagar (Gujarat)** Bidders are requested to visit **www.garud.org.in** (Tender) for eligibility criteria, downloading the tender document and more details. The last date of submission of tender will be **16.11.2026 upto 1600 Hrs.**

Joint Managing Director
GARUD

Date : 30.10.2026   **Email : garud.gandhinagar@gmail.com**

GOVERNMENT OF MEGHALAYA
EDUCATION DEPARTMENT

No. EDN.124/2026/29   Dated Shillong, the 30th September, 2026

PUBLIC NOTICE

Conduct of examinations and academic progression of existing enrolled students of CMJ University, Meghalaya

With reference to the UGC letter D.O. No. 8-21/2010(CPP-I/PU)/78587, dated 02-09-2026, the office of the Administrator, under the Government of Meghalaya, is directed to inform all students of CMJ University as follows: **"All students presently studying Diploma, Undergraduate and Postgraduate programmes at the University may be allowed to appear in examinations conducted under the supervision of an external agency/third party, under the overall responsibility of the State Education Department"**.

Therefore, students are required to complete the form to submit their personal details for the examination using the QR code provided. Failure to submit the details will hinder the examination process, as these details are needed to arrange examinations with third-party institutions. The form link will remain active to accept responses until **01-11-2026**.

Link - **https://forms.gle/3aMvMVWX2DxnNSzv5**

Sd/-
Administrator of CMJ University, Meghalaya & Joint Secretary to the Govt. of Meghalaya
Education Department

MIPR No.: 1769
Dated: 30-09-2026

કાશ્મીરના શોપિયાં જિલ્લામાં આતંકી ફંડિંગ મોડ્યૂલનો પર્દાફાશ

શ્રીનગર,તા.૩૦

જમ્મુ-કાશ્મીરના શોપિયાં જિલ્લામાં ટેરર ફાઈનાન્સિંગ મોડ્યૂલનો ભાંડો ફૂટતા પોલીસને મોટી સફળતા મળી છે.

તોયબા અને ટીઆરએફ માટે ફંડ એકઠું કરનારા ૧૦ આતંકીઓની ધરપકડ

શોપિયાં પોલીસે આજે શુક્રવારે આતંકી ગતિવિધિઓ સાથે સંડોવાયેલા શંકાસ્પદ નાણાકીય નેટવર્કોની ઊંડી તપાસ પછી કેન્દ્ર શાસિત પ્રદેશમાં કાર્યરત 'ટેરર ફાઈનાન્સિંગ' મોડ્યૂલનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ મામલે અત્યાર સુધીમાં ૧૦ લોકોને ગિરફતાર કર્યા છે. આ આરોપીઓ આતંકવાદીઓના ટેકેદારો હોવાનું જણાવાય છે. આ અંગે શોપિયાં પોલીસ મથકે સંબંધિત કાયદાકીય કલમો અંતર્ગત પ્રથમદર્શી કેસ નોંધાયો છે. તપાસ દરમિયાન જાણ થઈ કે વિભિન્ન પેમેન્ટ પ્લેટફોર્મ મારફતે કરાયેલી શંકાસ્પદ ઓનલાઈન નાણાકીય લેવડ-દેવડનું પૃથ્થકરણ કરવામાં આવ્યું. એની મારફતે નાણાની લેવડ-દેવડના કેટલાક તબક્કાનો ખ્યાલ આવ્યો. તપાસમાં આવા લોકોનું એક મોટું નેટવર્ક જણાઈ આવ્યું છે કે જે 'ટેરર ફાઈનાન્સિંગ'માં સંડોવાયું હતું અને જેનો સંબંધ અલગ-અલગ જેલોમાં પુરાયેલા ત્રાસવાદીઓ અને એમના ટેકેદારો સાથે હતો. પ્રારંભિક તપાસથી માહિતી મળી છે કે, આરોપી આમજનતા પાસેથી ગુપ્ત રૂપે ભંડોળ ભેગું કરી રહ્યા હતા અને સ્થાપિત નાણાકીય માધ્યમોની મારફતે આ નાણાને લશ્કર-એ-તૈયબા (એલઈટી) અને ધ રેજિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ)ની ત્રાસવાદી ગતિવિધિઓ માટે મોકલી રહ્યા હતા. આ ભંડોળનો ઉપયોગ આતંકી ગતિવિધિઓની આગેકૂચ માટે લોજિસ્ટિક સહાય (જેમ કે સ્માર્ટફોન મેળવી આપવો) પૂરી પાડવામાં પણ કરાઈ રહ્યો હતો. આ મોટા નેટવર્કની માહિતી મેળવવા, અન્ય નાણાકીય સંબંધોની તપાસ માટે અને આ મોડ્યૂલ સાથે સંડોવાયેલા અન્ય લોકોની ઓળખ માટે વધુ તપાસ થઈ રહી છે.

યુવતી ભારત ક્યારે પાછી આવી ગઈ તેની પરિવારને જાણ જ ન હતી

લંડન ભણવા ગયેલી યુવતી પુણેના ફ્લેટમાં મૃત હાલતમાં મળી આવી

મુંબઈ તા.૩૦

લંડનમાં ભણવા ગયેલી પરંતુ પરિવારને જાણ વિના જ ભારતમાં આવી રહેવા લાગેલી ૩૪ વર્ષીય યુવતી પુણેમાં ભાડાંના ફ્લેટમાં મૃત હાલતમાં મળી આવી હતી.

લંડનમાં સંપર્ક કપાયા બાદ પરિવારે બેન્ક સ્ટેટમેન્ટ ચેક કર્યાં ત્યારે ફૂડ ડિલિવરી ઓર્ડર્સ પરથી તે ભારતમાં હોવાની જાણ થઈ

છત્રપતિ સંભાજીનગરની મુગ્ધા દેશમુખ જુલાઈ ૨૦૨૫માં એમબીએ કરવા માટે લંડન ગઈ હતી. ત્યાં તે પાર્ટટાઈમ નોકરી પણ કરી હતી. પરિવારજનો સાથે તે કોલ્સ અને મેસેજ દ્વારા સંપર્કમાં હતી.

જોકે, ગત ૨૪મી ઓક્ટોબરે તેનો ફોન બંધ થઈ ગયો હતો. તે પછી પિતા અવિનાશ દેશમુખે સ્થાનિક પોલીસને આ બાબતે જાણ કરી હતી.

પરિવારે લંડનમાં મુગ્ધાની એક મિત્રનો સંપર્ક કર્યો હતો. તેણે પણ કહ્યું હતું કે પોતે ૨૨મી ઓક્ટોબરે છેલ્લે મુગ્ધા સાથે વાત કરી હતી. બાદમાં આ મિત્રએ લંડન પોલીસને જાણ કરી હતી. પોલીસે તપાસ બાદ તેને કહ્યું હતું કે મુગ્ધા ગત ઓગસ્ટમાં જ યુકે છોડી ભારત પરત જતી રહી છે.

આ વાતની જાણ થતાં મુગ્ધાના પરિવારે ભારતીય દૂતાવાસનો સંપર્ક કરી તેમની મદદ માગી હતી. દરમિયાન થોડા દિવસો પહેલાં જ મુગ્ધાના પિતાએ તેના બેંક સ્ટેટમેન્ટ પણ તપાસ્યા હતાં. તેમાં ૮ થી ૨૫ ઓક્ટોબર દરમિયાન ફૂડ ડિલિવરી અને ઓનલાઈન સર્વિસ પ્લેટફોર્મ પર અનેક ટ્રાન્ઝેક્શન જોવા મળ્યા હતા. એક ટ્રાન્ઝેક્શન છત્રપતિ સંભાજીનગરના ઉસ્માનપુરા વિસ્તારમાંથી થયું હતું. તેના પરથી પરિવારને શંકા ગઈ હતી કે મુગ્ધા કદાચ ભારતમાં જ છે. ત્યારબાદ પરિવારે છત્રપતિ સંભાજીનગર ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કર્યા હતો.

છત્રપતિ સંભાજીનગર પોલીસે પુણે નજીકના પિંપરી ચિંચવડમાં ગહુંજેના લોઢા બેલમોન્ડો કોમ્પ્લેક્સમાં મુગ્ધાનું લોકેશન શોધી કાઢ્યું હતું . પોલીસે ચાવી બનાવનારની મદદથી ફ્લેટમાં પ્રવેશ કર્યો ત્યારે અંદર તે મૃત હાલતમાં મળી આવી હતી.પાસ દરમિયાન, પોલીસને જાણવા મળ્યું કે મુગ્ધાએ એપ્રિલમાં એપાર્ટમેન્ટ ભાડે લીધું હતું, પરંતુ ઓગસ્ટમાં યુકે છોડ્યા પછી જ ત્યાં રહેવાનું શરૂ કર્યું હતું, તેના શરીર પર ઈજાના કોઈ નિશાન જોવા મળ્યાં ન હતાં.

મહિલાએ માહિતી ચીન મોકલી હોવાની અમેરિકન ગુપ્તચર એજન્સીને શંકા

ચીનની મહિલા જાસૂસે એનવીડિયાના વડાને છેતરીને ગુપ્ત માહિતી તફડાવી

(પીટીઆઈ) ન્યૂયોર્ક, તા.૩૦

અમેરિકાની ટોચની ટેક્નોલોજી કંપની એનવીડિયાના સીઈઓ જેન્સેન હુઆંગ હની ટ્રેપનો શિકાર બન્યા છે. ચીનની એક બિઝનેસ વુમન એલિસ હુઆંગે જેન્સેન હુઆંગ સાથે ગાઢ સંબંધો કેળવ્યા અને એનવીડિયાની અત્યાધુનિક એઆઈ ચીપ્સ તથા અન્ય ગુપ્ત માહિતી ચીન મોકલતી હતી તેવો દાવો અમેરિકન ગુપ્તચર સંસ્થાઓએ કર્યો હોવાનું ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલમાં જણાવાયું છે. જોકે, ચીને આ અહેવાલોને નકારી કાઢ્યા છે.

મેગાસ્પીડ માત્ર ગ્રાહક, સંવેદનશીલ વેપાર રહસ્ય, રાષ્ટ્રીય સુરક્ષાની ગુપ્ત માહિતી આપી જ નથી : એનવીડિયાએ આરોપો ફગાવ્યા

અમેરિકન ઈન્ટેલિજન્સ મુજબ એલિસ હુઆંગ સિંગાપુર સ્થિત ક્લાઉડ ડેટા સેન્ટર કંપની 'મેગાસ્પીડ'માં ટોચના મેનેજમેન્ટ પદ પર કામ કરતી હતી. અમેરિકન વાણિજ્ય વિભાગ છેલ્લા કેટલાક સમયથી મેગાસ્પીડ કંપનીની તપાસ કરી રહ્યો હતો. અમેરિકન અધિકારીઓ દ્વારા ચીન પર લગાવાયેલા આકરા પ્રતિબંધો છતાં એલિસ હુઆંગ એનવીડિયાની એડવાન્સ એઆઈ ચીપને ગેરકાયદેરૂપે બેઈજિંગ સુધી પહોંચાડવાનું કામ કરતી હોવાનો આક્ષેપ કરાયો છે.

પ્રમુખ ટ્રમ્પને આ અંગે એક વર્ષ પહેલા એલિસ હુઆંગ અંગે જાણ કરાઈ હતી, પરંતુ તેમણે કોઈ કાર્યવાહી કરી નહોતી. અધિકારીઓને ટાંકીને ન્યૂયોર્ક ટાઈમ્સે કહ્યું છે કે ટ્રમ્પ એનવીડિયાના વિકસતા કારોબારને નુકસાન પહોંચાડવા માગતા નહોતા. તેમનું માનવું હતું કે, એનવીડિયા અમેરિકન અર્થતંત્ર અને શેરબજારને મદદ કરી રહી છે. સાથે જ ટ્રમ્પ ચીન સાથે વેપાર સંબંધો પર પણ નકારાત્મક અસર થાય તેમ ઈચ્છતા નહોતા. અમેરિકન એજન્સીના કેટલાક વરિષ્ઠ અધિકારીઓને શંકા છે કે એલિસ હુઆંગ ચીન માટે ગુપ્ત માહિતી એકત્ર કરતી હોવા અંગે એનવીડિયાના પ્રમુખ જેન્સેન હુઆંગ અજાણ નહીં હોય. એલિસ અંગેની તપાસ શરૂ થયા બાદ જેન્સેન હુઆંગે મેગાસ્પીડના દૈનિક સંચાલનમાં તેમની ભૂમિકા મર્યાદિત કરી દીધી હતી.

ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ અમેરિકન સરકાર ૨૦૨૪ના અંતથી મેગાસ્પીડની તપાસ કરી રહી હતી. એજન્સીને શંકા હતી કે કંપની દક્ષિણપૂર્વ એશિયામાં ડેટા સેન્ટર્સ મારફત એનવીડિયાની અત્યાધુનિક ચીપ્સના એક્સેસ મેળવીને ચીનને મદદ કરી રહી છે. મેગાસ્પીડે ડેટા સેન્ટર્સ બનાવવા એનવીડિયાની ચીપ્સ ખરીદી છે અને અલિબાબા સહિત ચીનની કંપનીઓને કમ્પ્યુટિંગ કેપેસિટી રેન્ટ પર આપે છે. અમેરિકન તપાસકારોને શંકા છે કે મેગાસ્પીડે એનવીડિયાની એડવાન્સ્ડ ચીપ મેળવીને ગેરકાયદે રીતે ચીન મોકલી છે.

બીજીબાજુ એનવીડિયાના પ્રવક્તા જોન રિઝોએ કહ્યું કે, જેન્સેનના એલિસ હુઆંગ સાથેના સંબંધો અસામાન્ય નથી. ગ્રાહકો સાથે મુલાકાત કરવી એ સીઈઓના કામનો ભાગ છે.

વસતી ગણતરી ૨૦૨૭નો કાર્યક્રમ જાહેર

દેશમાં ૨૫ જાન્યુ.થી ૨૮ ફેબ્રુ. સુધી વસતી ગણતરી હાથ ધરાશે

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૩૦

દેશમાં વસતી ગણતરીની તારીખોની જાહેરાત કરી દેવાઈ છે. સરકારના જણાવ્યા મુજબ વસતી ગણતરીનું કામ ૨૫ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી ચાલશે. બરફથી ઢંકાયેલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો તથા ચૂંટણી યોજાવાની છે તેવા રાજ્યો સિવાયના રાજ્યોમાં વસતી ગણતરીનું કામ હાથ ધરાશે તેમ સેન્સસ કમિશનરે શુક્રવારે જણાવ્યું હતું.

૧૦ જાન્યુ.થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૭ સુધી સેલ્ફ એન્યુમરેશનમાં વ્યક્તિ જાતે જ માહિતી આપી શકશે

સત્તાવાર નોટિફિકેશન મુજબ વસતી ગણતરી માટે રેફરન્સ તારીખ ૧ માર્ચ, ૨૦૨૭ રાખવામાં આવી છે. એટલે કે ૧ માર્ચ, ૨૦૨૭ના આધારે નાગરિકોની માહિતી અને આંકડા નોંધવામાં આવશે. ચૂંટણી રાજ્યો મણિપુર, ગોવા, ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ તથા હિમાચ્છાદિત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો લદ્દાખ, હિમાચલ પ્રદેશ તથા જમ્મુકાશ્મીર સિવાયના બધા જ રાજ્યોમાં ઘરે-ઘરે વસતી ગણતરી પ્રક્રિયા ૨૫ જાન્યુઆરીથી હાથ ધરાશે અને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી ચાલશે. ત્યાર પછી ૧ માર્ચથી ૫ માર્ચ ૨૦૨૭ સુધી રિવિઝનલ રાઉન્ડ હાથ ધરાશે. એટલે કે અગાઉ એકત્ર કરાયેલી માહિતીની ફરીથી ચકાસણી કરાશે.

જોકે, સત્તાવાર રીતે વસતી ગણતરી પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં ૧૦ જાન્યુઆરીથી ૨૪ જાન્યુઆરી ૨૦૨૭ સુધી સેલ્ફ એન્યુમરેશન થશે, જેમાં વ્યક્તિ પોતે જ પોતાની માહિતી ભરી શકશે. કેન્દ્ર સરકારે વસતી ગણતરીની પ્રક્રિયા માટે રૂ. ૧૧,૭૧૮ કરોડનું બજેટ ફાળવ્યું છે. પ્રત્યેક ૧૦ વર્ષે હાથ ધરવામાં આવતી વસતી ગણતરી પ્રક્રિયા ૨૦૨૧માં થવાની હતી, પરંતુ કોરોના મહામારી અને ત્યાર પછી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના કારણે ૨૦૨૭ સુધી મુલતવી રાખવામાં આવી હતી.

SBI ભારતીય સ્ટેટ બેંક
સ્ટ્રેસ્ડ એસેટ્સ મેનેજમેન્ટ શાખા, ચોથો માળ, જુનુ એસબીઆઈ એલએચઓ બિલ્ડીંગ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧, ઈ-મેઈલ : team2samb.ahm@sbi.co.in
અધિકૃત અધિકારીનું નામ : શ્રી રાજેશ બી કુમાર (મો) ૯૮૨૪૨૭૫૫૨૬, સંપર્ક અધિકારી : શેખર આર. શ્રીવાસ્તવ (મો) ૭૬૦૦૦૩૭૭૩૫

જંગમ / સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ પરિશિષ્ટ-IV-એ
(જૂઓ નિયમ ૮(૬) અને ૬(૨)ની જોગવાઈ)

ધ સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને તેની સાથે ધ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રુલ્સ, ૨૦૦૨ના ૮(૬) અને ૬(૨)રુલ ની જોગવાઇ સાથે વાંચતા જંગમ અને સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઇ-હરાજી માટેની નોટિસ.

આથી જાહેર જનતાને અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે સુરક્ષિત લેણદારને ગીરો / ચાર્જ / હાઈપોથીકેટેડ કરાયેલ અહીં નીચે વર્ણવેલી જંગમ અને સ્થાવર મિલકતો, જેનો પ્રત્યક્ષ કબજો સુરક્ષિત લેણદાર, ભારતીય સ્ટેટ બેંકના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવ્યો છે, તેનું ભારતીય સ્ટેટ બેંક દ્વારા સમયાંતરે મંજૂર કરાયેલી વિવિધ ધિરાણ સુવિધાઓ પેટે સુરક્ષિત લેણદાર, ભારતીય સ્ટેટ બેંકના બાકી લેણાંની વસૂલાત અર્થે **મે. સપના કુલ પ્રોડક્ટ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ (દેવાદાર) તથા તેના ગીરવેદારો અને જામીનદારોઃ ૧. શ્રી રાજેન્દ્રભાઈ માણેકલાલ જયસ્વાલ (જામીનદાર અને ગીરવેદાર), ૨. શ્રી નીતિનકુમાર રાજેન્દ્ર જયસ્વાલ (જામીનદાર), ૩. શ્રીમતી આશાબેન રાજેન્દ્રભાઈ જયસ્વાલ (જામીનદાર), ૪. શ્રી નીરજકુમાર રાજેન્દ્ર જયસ્વાલ (જામીનદાર), ૫. શ્રીમતી સુધાબેન ગિરધરલાલ જયસ્વાલ (જામીનદાર અને ગીરવેદાર), ૬. શ્રી રાહુલકુમાર રસિકલાલ જયસ્વાલ (જામીનદાર અને ગીરવેદાર), ૭. શ્રી અતુલભાઈ માણેકલાલ જયસ્વાલ (જામીનદાર અને ગીરવેદાર)** પાસેથી **તા. ૦૩.૧૨.૨૦૨૩** ના રોજની **રૂા. ૧૧,૮૩,૪૦,૪૫૦.૫૩ (અંકે રૂપિયા અગિયાર કરોડ ત્યાસી લાખ ચાલીસ હજાર ચારસો પચાસ અને ત્રેપન પૈસા પુરા)** તથા ઉપરોક્ત રકમ પર કરાર મુજબના દરે આગળનું વ્યાજ તેમજ આનુષંગિક ખર્ચાઓ, ખર્ચ અને ચાર્જીસ સહિત / ત્યાર પછી થયેલ વસૂલાત બાદ કરીને, **"જ્યાં છે ત્યાં", "જે છે તે" અને "ત્યાં જે કાંઈ છે તે"** ના ધોરણે **તા. ૨૩.૧૧.૨૦૨૬** ના રોજ વેચાણ કરવામાં આવશે.

બિડર્સે હરાજીની તારીખ પહેલાં **https://baanknet.com** દ્વારા અનુસરવામાં આવતી પ્રક્રિયા મુજબ જરૂરી કેવાયસી દસ્તાવેજો અને નોંધણી ફી પૂરી પાડીને **https://baanknet.com** પર પોતાની નોંધણી કરાવી લેવી જોઈએ.

જાહેર ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૩.૧૧.૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાક થી બપોરે ૦૪:૦૦ કલાક સુધી પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત

લોટ નં.	મિલકત આઈડી નં. / મિલકતોનું વર્ણન	રીઝર્વ કિંમત	અર્નેસ્ટ મની ડીપોઝીટ	બીડ વૃદ્ધિમાં વધારો	નિરીક્ષણની તારીખ અને સમય
1	**(મિલકત આઈડી નં. SBIN400050773729)** **લોટ (૧) : ફેક્ટરી જમીન અને બિલ્ડીંગ**ના પ્લાન્ટ અને મશીનરી સાથે સર્વે નં. રેવન્યુ સર્વે નં. ૨૩૨ પૈકી ૧ જે મોજે વડિયા, કુંકાવાવ રોડ, તાલુકો મોટી કુંકાવાવ, વાડિયા કુંકાવાવ - ૩૬૫૪૫૦, કુલ એરીયાનું ક્ષેત્રફળ ૯૭૧૩.૦૦ ચો.મી. જે મે. સપના કુલ પ્રોડક્ટ પ્રાઈવેટ લિમિટેડના નામે છે.	૩,૫૦,૦૦,૦૦૦/-	૩૫,૦૦,૦૦૦/-	૫૦,૦૦૦/-	૧૯.૧૧.૨૦૨૬ બપોર ૧૨.૦૦ થી બપોરે ૦૨.૦૦
2	**(મિલકત આઈડી નં. SBIN400050777764)** **લોટ (૨) : પ્લાન્ટ અને મશીનરી** જે મે. સપના કુલ પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડના નામે રહેલી, સર્વે નંબર રેવન્યુ સર્વે નંબર ૨૩૨ પૈકી ૧ ધરાવતી, વાડિયા, કુંકાવાવ રોડ, મુ. મોટી કુંકાવાવ, વાડિયા કુંકાવાવ - ૩૬૫૪૫૦ ખાતે આવેલી, કુલ ક્ષેત્રફળ ૯૭૧૩.૦૦ ચો.મી. ધરાવતી ફેક્ટરીની જમીન અને બિલ્ડિંગ ખાતે સ્થિત છે.	૩,૫૬,૦૦,૦૦૦/-	૩૫,૬૦,૦૦૦/-	૫૦,૦૦૦/-	૧૯.૧૧.૨૦૨૬ બપોર ૧૨.૦૦ થી બપોરે ૦૨.૦૦
3	**(મિલકત આઈડી નં. SBIN200050774157)** **લોટ (૩) : સંયુક્ત લોટ (ફેક્ટરીની જમીન અને બિલ્ડિંગ તેમજ પ્લાન્ટ અને મશીનરી) :** રેવન્યુ સર્વે નં. ૨૩૨ પૈકી ૧ ધરાવતી, મોજે વડિયા, કુંકાવાવ રોડ, મુ. મોટી કુંકાવાવ, વાડિયા કુંકાવાવ - ૩૬૫૪૫૦ ખાતે આવેલી, કુલ ક્ષેત્રફળ ૯૭૧૩.૦૦ ચો.મી. ધરાવતી, મે. સપના કુલ પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડના નામે રહેલી ફેક્ટરીની જમીન અને બિલ્ડિંગ પ્લાન્ટ અને મશીનરી સાથે.	૭,૦૬,૦૦,૦૦૦/-	૭૦,૬૦,૦૦૦/-	૫૦,૦૦૦/-	૧૯.૧૧.૨૦૨૬ બપોર ૧૨.૦૦ થી બપોરે ૦૨.૦૦
4	**(મિલકત આઈડી નં. SBIN200050769189)** કલાલ શેરી, મોટી કુંકાવાવ, કુંકાવાવ, ૩૬૫૪૫૦ (ગ્રામ્ય) ખાતે આવેલ, સિટી સર્વે નં. ૪૫૭ પૈકીનું ક્ષેત્રફળ ૩૦૭.૫૦ ચો.મી. અને સિટી સર્વે નં. ૪૫૯ પૈકીનું ક્ષેત્રફળ ૧૧૭.૯૩ ચો.મી., એમ કુલ માપ ૪૨૫.૪૩ ચો.મી. ધરાવતો, શ્રી અતુલકુમાર માણેકલાલ જયસ્વાલના નામે રહેલો રહેણાંક પ્લોટ. અને કલાલ શેરી, મોટી કુંકાવાવ, કુંકાવાવ, ૩૬૫૪૫૦ (ગ્રામ્ય) ખાતે આવેલ, સિટી સર્વે નં. ૪૫૭ પૈકીનું ક્ષેત્રફળ ૩૭૯.૫૫ ચો.મી. અને સિટી સર્વે નં. ૪૫૯ પૈકીનું ક્ષેત્રફળ ૧૧૭.૯૩ ચો.મી., એમ કુલ માપ ૪૯૭.૪૮ ચો.મી. ધરાવતો, શ્રીમતી સુધાબેન વિપુલકુમાર જયસ્વાલના નામે રહેલો રહેણાંક પ્લોટ. અને કલાલ શેરી, મોટી કુંકાવાવ, કુંકાવાવ, ૩૬૫૪૫૦ (ગ્રામ્ય) ખાતે આવેલ, સિટી સર્વે નં. ૪૫૭ પૈકીનું ક્ષેત્રફળ ૩૦૯.૫૫ ચો.મી. અને સિટી સર્વે નં. ૪૫૯ પૈકીનું ક્ષેત્રફળ ૧૧૭.૯૩ ચો.મી., એમ કુલ માપ ૪૨૭.૪૮ ચો.મી. ધરાવતો, શ્રી રાજેન્દ્રકુમાર માણેકલાલ જયસ્વાલના નામે રહેલો રહેણાંક પ્લોટ.	૮૦,૦૦,૦૦૦/-	૮,૦૦,૦૦૦/-	૨૫,૦૦૦/-	૧૯.૧૧.૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧૨.૦૦

નોંધ : (i) લોટ નં. (૧) નું વેચાણ ત્યારે જ માન્ય રાખવામાં આવશે જો લોટ નં. (૨) માટેની બિડ સફળ થશે.
(ii) જો લોટ નં. (૧), (૨) અને (૩) માટે બિડ્સ પ્રાપ્ત થશે, તો વધુ રકમ તરફની બિડને પ્રાથમિકતા આપવામાં આવશે, એટલે કે એક તરફ લોટ નં. (૩) ની બિડ અને બીજી તરફ સામૂહિક રીતે લોટ નં. (૧) અને (૨) ની બિડ.

- QR કોડ માત્ર ઈચ્છુક બોલી લગાવનારાઓની સુવિધા માટે આપવામાં આવ્યો છે. જોકે, મિલકતની વિગતો સમાચારપત્રમાં પ્રકાશિત થયેલી અને https://baanknet.com પોર્ટલ પર અપલોડ કરાયેલી સૂચનામાં આપેલા વર્ણન મુજબ જ રહેશે.
- લાગુ પડતો જીએસટી તેમજ અન્ય તમામ બાકી લેણાં બોલીની રકમ ઉપરાંત સફળ ખરીદદારે પોતાના ભોગે ચૂકવવાના રહેશે.
- સાઇટ પર પડેલી કોઈપણ સામગ્રીનો નિકાલ કરવાની સંપૂર્ણ જવાબદારી સફળ બોલી લગાવનારની રહેશે, અને તે તેમના પોતાના ખર્ચે રહેશે.
- જો હરાજીમાં સરફેસી એન્ફોર્સમેન્ટ નિયમ ૯(૨) ની જોગવાઈ મુજબ રીઝર્વ કિંમત કરતાં વધુ રકમ પ્રાપ્ત ન થાય, તો વેચાણની પુષ્ટિ ગીરવેદાર / ધિરાણ લેનારની સંમતિને આધીન રહેશે.

બોજો : ઈચ્છુક બોલી લગાવનારાઓએ પોતાની બોલી સબમીટ કરતાં પહેલાં, હરાજીમાં મુકાયેલ મિલકત/મિલકતોના બોજા, ટાઈટલ અને મિલકતને અસર કરતા દાવાઓ / હક્કો / લેણાંઓ અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરી લેવી જોઈએ. ઈ-હરાજીની જાહેરાત બેંકની કોઈપણ જાતની બાંયધરી દર્શાવતી નથી કે ગણાવાની નથી. આ મિલકત તેના હાલના અને ભવિષ્યમાં ઉપસ્થિત થનાર તમામ બોજાઓ, જે બેંકની જાણમાં હોય કે અજાણ્યા હોય, તે સાથે વેચવામાં આવી રહી છે. અધિકૃત અધિકારીશ્રી / સિક્યોર્ડ ક્રેડિટર ત્રાહિત પક્ષના કોઈપણ દાવાઓ / હક્કો / લેણાંઓ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની વેબસાઇટ **https://sbi.bank.in** અને **https://baanknet.com** પર આપેલ લિંકનો સંદર્ભ લેશો અથવા **૯૮૨૪૨૭૫૫૨૬ કે ૭૬૦૦૦૩૭૭૩૫** પર સંપર્ક કરશો.

બેંકની વેબસાઈટ	ઈ-હરાજીની વેબસાઈટ	ખરીદનાર માર્ગદર્શિકા	મિલકતનું સ્થાન : લોટ નં. ૦૧ થી ૦૩	ફોટોગ્રાફ્સ અને વિડીયો લોટ નં. ૦૧ થી ૦૩	મિલકતનું સ્થાન : લોટ નં. ૦૪	ફોટોગ્રાફ્સ અને વિડીયો લોટ નં. ૦૪

આ નોટીસ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) અને ૯(૧) હેઠળ દેવાદાર / જામીનદારો / ગીરવેદારોને ૧૫ દિવસની નોટીસ તરીકે પણ ગણવામાં રહેશે.

તારીખ : ૩૧.૧૦.૨૦૨૬, સ્થળ : અમદાવાદ | સહી/- અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક

JIO PLATFORMS LIMITED

નોંધણીકૃત કાર્યાલય: કાર્યાલય - ૧૦૧, સેફ્રોન, સેન્ટર પોઈન્ટ નજીક, પંચવટી ૫ રસ્તા, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૦૬, ગુજરાત, ભારત
ફોન: +૯૧ ૭૯૩૫૦ ૩૧૨૦૦ | ઈમેઈલ: jpl.investorrelations@jio.com | વેબસાઈટ: www.jio.com
CIN: U72900GJ2019PLC110816

૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના પૂરા થયેલા ત્રિમાસિક / અર્ધવાર્ષિક ગાળા માટે અનઓડિટેડ કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનો સાર

(₹ કરોડમાં, શેર દીઠ ડેટા સિવાય)

વિવરણ	પૂરું થયેલું ત્રિમાસિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬	પૂરું થયેલું અર્ધવાર્ષિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬	પૂરું થયેલું ત્રિમાસિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫
વેચાણ અને સેવાઓનું મૂલ્ય (આવક)	૪૭,૪૮૫	૯૩,૪૪૬	૪૨,૬૫૨
બાદબાકી: વસૂલ કરેલી જીએસટી	૭,૦૧૦	૧૩,૭૯૮	૬,૩૨૦
કાર્યકારી આવક	**૪૦,૪૭૫**	**૭૯,૬૪૮**	**૩૬,૩૩૨**
વેરા પૂર્વેનો નફો	૧૧,૨૫૯	૨૧,૬૮૬	૯,૯૩૭
વેરા પછીનો નફો	**૮,૩૮૭**	**૧૬,૧૫૧**	**૭,૩૭૯**
સહયોગીઓ અને સંયુક્ત સહસોના હિસ્સા પછીનો નફો / (નુકાસન)	૦	૦	(૪)
વેરા પછીનો અને સહયોગીઓ અને સંયુક્ત સહસોના નફા / (નુકસાન) પછીનો નફો	**૮,૩૮૭**	**૧૬,૧૫૧**	**૭,૩૭૫**
કુલ એકત્રિત આવક (કર સિવાય)*	૮,૫૦૯	૧૬,૩૨૬	૭,૪૨૮
પેઈડ અપ ઈક્વિટી શેરમૂડી, ઈક્વિટી શેર ₹૧૦/- પ્રત્યેકી			
અન્ય ઈક્વિટી**	૮,૯૩૯	૮,૯૩૯	૮,૯૩૯
ઈક્વિટી શેર દીઠ કમાણી (₹માં) (પ્રત્યેકી ₹૧૦ની ફેસ વેલ્યુ)			
બેઝિક (₹માં)	૯.૩૮	૧૮.૦૭	૮.૨૫
ડાઈલ્યુટેડ (₹માં)	૯.૩૭	૧૮.૦૫	૮.૨૪

*બિન-નિયંત્રિત વ્યાજના હિસ્સા સહિત
**૩૧મી માર્ચ, ૨૦૨૬ના વર્ષાંત માટે અન્ય ઈક્વિટી ₹૩,૨૭,૦૩૮ કરોડ હતી.

નોંધ:

૧. ઉક્ત પરિણામો અને તેની યાદી ૩૦મી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ તેમની સંબંધિત બેઠકોમાં ઓડિટ સમિતિએ સમીક્ષા કરી છે અને બોર્ડ ઓફ ડાયરેક્ટરોએ મંજૂર કરી છે. કંપનીના કાનૂની ઓડિટરોએ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક માટે પરિણામોની મર્યાદિત સમીક્ષા કરી છે.

૨. અનઓડિટેડ સ્ટેન્ડઅલોન પરિણામો પર વધારાની માહિતી નીચે મુજબ છે:

(₹ કરોડમાં)

વિવરણ	પૂરું થયેલું ત્રિમાસિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬	પૂરું થયેલું અર્ધવાર્ષિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬	પૂરું થયેલું ત્રિમાસિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫
વેચાણ અને સેવાઓનું મૂલ્ય (આવક)	૫,૭૬૦	૧૧,૩૬૧	૪,૬૫૧
બાદબાકી: વસૂલ કરેલી જીએસટી	૮૭૯	૧,૭૩૩	૭૧૦
કાર્યકારી આવક	**૪,૮૮૧**	**૯,૬૨૮**	**૩,૯૪૧**
વેરા પૂર્વેનો નફો	૫૬૨	૧,૦૯૮	૪૦૪
વેરા પછીનો નફો	**૪૧૯**	**૮૧૮**	**૩૦૧**
કુલ એકત્રિત આવક (કર સિવાય)	૪૩૪	૮૨૭	૩૧૧

૩. ઉક્ત સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ્સ) નિયમન ૨૦૧૫ના નિયમન ૩૩ અંતર્ગત શેરબજારોમાં નોંધાવવામાં આવેલાં ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક / અર્ધવાર્ષિક માટેનાં અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોની વિગતવાર ફોર્મેટનો સાર છે.

૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક માટેનાં અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોની આખી ફોર્મેટ શેરબજારોની વેબસાઈટો (**www.bseindia.com / www.nseindia.com**), કંપનીના વેબ પેજ **https://www.jio.com/about/investor-relations/financials/financials-results/** પર ઉપલબ્ધ છે અને નિમ્નલિખિત ક્વિક રિસ્પોન્સ કોડ સ્કેન કરીને પણ એક્સેસ કરી શકાશે.

જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ વતી
સહી/-
આકાશ એમ. અંબાણી
મેનેજિંગ ડાયરેક્ટર

તારીખ: ૩૦મી ઓક્ટોબર, ૨૦૨૬

www.jio.com

અનપેક્ષિત પ્રોત્સાહક પરિણામ : રૂ.૧૫,૦૦૦ કરોડના એનસીડીઝ ઈસ્યુને મંજૂરી

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો બીજા ત્રિમાસિકમાં ચોખ્ખો નફો ૩૩.૮% ઉછળીને રૂ.૨૯,૫૫૦ કરોડ થયો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ તા.૩૦

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે ઓઈલ ટુ કેમિકલ્સ બિઝનેસમાં અસાધારણ કામગીરી થકી ૩૦, સપ્ટેમ્બર ૨૦૨૬ના પૂરા થયેલા બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિકના અનપેક્ષિત ફેન્ટાસ્ટિક પરિણામ જાહેર કર્યા છે. કોન્સોલિડેટેડ ધોરણે કંપનીનો ત્રિમાસિક ચોખ્ખો નફો ગત વર્ષના સમાનગાળાના રૂ.૨૨,૦૯૨ કરોડની તુલનાએ ૩૩.૮ ટકા વધીને રૂ.૨૯,૫૫૦ કરોડ થયો છે. જ્યારે કુલ આવક રૂ.૨,૮૩,૫૪૮ કરોડની તુલનાએ ૨૭.૮ ટકા વધીને રૂ.૩,૬૨,૨૬૮ કરોડ થઈ છે. આ સાથે ઈબીટા ૨૩.૮ ટકા વધીને રૂ.૬૨,૪૦૯ કરોડ હાંસલ કર્યો છે. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે રૂ.૧૫,૦૦૦ કરોડ સુધીના લિસ્ટેડ, સિક્યોર્ડ/અનસિક્યોર્ડ, રિડિમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચરો એક અથવા એથી વધુ તબક્કામાં પ્રાઈવેટ પ્લેસમેન્ટ ધોરણે ઈસ્યુ કરવાના ઠરાવને મંજૂરી આપી છે.

ઓટુસી બિઝનેસમાં ઈબીટા નફો ૬૭.૯ ટકા વધીને રૂ.૨૫,૨૦૩ કરોડ હાંસલ કર્યો : રિલાયન્સ રિટેલનો નફો ઘટ્યો : પ્રથમ અર્ધવાર્ષિકમાં નફો રૂ.૫૦,૦૦૦ કરોડ પાર થયો

કંપનીએ ખાસ ઓઈલ ટુ કેમિકલ્સ (ઓટુસી) સેગમેન્ટમાં પ્રોત્સાહક કામગીરી હાંસલ કરી છે. આ સેગ્મેન્ટમાં કંપનીની આવક રૂ.૧,૬૦,૫૫૮ કરોડની તુલનાએ ૪૪.૨ ટકા વધીને રૂ.૨,૩૧,૬૦૧ કરોડ નોંધાવી છે. જ્યારે ઈબીટા રૂ.૧૫,૦૦૮ કરોડથી ૬૭.૯ ટકા વધીને રૂ.૨૫,૨૦૩ કરોડ હાંસલ કર્યો છે. ઈબીટા માર્જિન ૯.૩ ટકાની તુલનાએ વધીને ૧૦.૯ ટકા મેળવ્યું છે.

રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડે બીજા ત્રિમાસિકમાં નબળી કામગીરી નોંધાવી છે. કંપનીનો ચોખ્ખો નફો ગત વર્ષના સમાનગાળાના રૂ.૩૪૬૯ કરોડની તુલનાએ ૨૪.૫ ટકા ઘટીને રૂ.૨૬૧૯ કરોડ થયો છે. જ્યારે કુલ આવક રૂ.૮૬,૧૬૯ કરોડથી ૬.૪ ટકા વધીને રૂ.૯૧,૭૧૬ કરોડ નોંધાવી છે. ઈબીટા માર્જિન ૯ ટકાથી ઘટીને ૭.૮ ટકા રહ્યું છે.

ઓઈલ એન્ડ ગેસ એક્સપ્લોરેશન એન્ડ પ્રોડક્શન સેગ્મેન્ટમાં કંપનીનો ત્રિમાસિક ઈબીટા રૂ.૫૦૦૨ કરોડથી બે ટકા ઘટીને રૂ.૪૯૦૧ કરોડ અને આવક રૂ.૬૦૫૮ કરોડથી ૦.૬ ટકા વધીને રૂ.૬૦૨૦ કરોડ થયા છે. જિયોસ્ટાર બિઝનેસની ત્રિમાસિક આવક રૂ.૭૨૩૨ કરોડથી ૯.૮ ટકા વધીને રૂ.૭૯૪૪ કરોડ અને ચોખ્ખો નફો રૂ.૧૩૨૨ કરોડથી ૧૩.૨ ટકા ઘટીને રૂ.૧૧૪૭ કરોડ થયા છે.

કંપનીએ પ્રથમ અર્ધવાર્ષિક એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬માં ચોખ્ખા નફામાં રૂ.૫૦,૦૦૦ કરોડનો આંક પાર કરીને રૂ.૪૩,૯૦૩ કરોડની તુલનાએ વદીને રૂ.૫૨,૨૫૧ કરોડ નેટ નફો મેળવ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે, જિયોનું શેરબજારમાં લિસ્ટિંગ રિલાયન્સની વિકાસયાત્રામાં એક ઐતિહાસિક સિદ્ધિ છે. વૈશ્વિક બજારમાં અસ્થિરતા અને જીઓપોલિટીકલ ટેન્શન હોવા છતાં રિલાયન્સે પોતાના વિવિધ બિઝનેસોમાં સારૂ પ્રદર્શન કર્યું છે. ઓટુસી બિઝનેસમાં મજબૂત કામગીરી કરી છે. જિયો હવે માત્ર ટેલીકોમ કંપની નથી, પરંતુ ટેકનોલોજી, ડિજિટલ પ્લેટફોર્મ અને ડીપ-ટેક ક્ષેત્રમાં પણ આગળ વધી રહી છે. રિલાયન્સનું ફોક્સ મૂડીનો યોગ્ય ઉપયોગ કરીને લાંબાગાળે સ્થિર આવક આપતા બિઝનેસ ઊભા કરવા પર છે, અને કંપની ઊર્જા આત્મનિર્ભરતા અને ટેકનોલોજીના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સેગ્મેન્ટ/બિઝનેસ મુજબ બીજા ત્રિમાસિકના પરિણામ

સેગ્મેન્ટ/બિઝનેસ (રૂ.કરોડમાં)	Q2 2026	Q2 2027	વધારો/ઘટાડો (ટકાવારી)
રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ			
કુલ આવક	રૂ.૨,૮૩,૫૪૮	રૂ.૩,૬૨,૨૬૮	૨૭.૩%
ચોખ્ખો નફો	રૂ.૨૨,૦૯૨	રૂ.૨૯,૫૫૦	૩૩.૮%
જિયો પ્લેટફોર્મ્સ			
કુલ આવક	રૂ.૪૨,૬૫૨	રૂ.૪૭,૪૮૫	૧૧.૩%
ચોખ્ખો નફો	રૂ.૭૩૭૯	રૂ.૮૩૮૭	૧૩.૭%
રિલાયન્સ રિટેલ			
કુલ આવક	રૂ.૯૦,૦૧૮	રૂ.૯૧,૭૧૬	૬.૪%
ચોખ્ખો નફો	રૂ.૩૪૫૭	રૂ.૨૬૧૯	(-૨૪.૫%)
ઓઈલ ટુ કેમિકલ્સ			
કુલ આવક	રૂ.૧,૬૦,૫૫૮	રૂ.૨,૩૧,૬૦૧	૪૪.૨%
ઈબીટા નફો	રૂ.૧૫,૦૦૮	રૂ.૨૫,૨૦૩	૬૭.૯%
ઓઈલ ગેસ એક્સપ્લોરેશન			
કુલ આવક	રૂ.૬૦૫૮	રૂ.૬૦૨૦	૦.૬%
ઈબીટા નફો	રૂ.૫૦૦૨	રૂ.૪૯૦૧	(-૨.૦%)

શેરોના ધમાકેદાર લિસ્ટિંગ બાદ પ્રથમ પરિણામ

જિયો પ્લેટફોર્મ્સનો ત્રિમાસિક નફો ૧૪% વધીને રૂ.૮૩૮૯ કરોડ થયો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ તા.૩૦

જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડના મેગા આઈપીઓ અને ધમાકેદાર લિસ્ટિંગ સાથે અનેક વિક્રમો સર્જાયા બાદ આજે કંપનીએ તેના પ્રથમ પરિણામ જાહેર કર્યા છે. ૩૦, સપ્ટેમ્બર ૨૦૨૬ના પૂરા થયેલા બીજા ત્રિમાસિકના પ્રોત્સાહક પરિણામ જાહેર કર્યા છે. કોન્સોલિડેટેડ ધોરણે કંપનીનો ચોખ્ખો નફો ગત વર્ષના સમાનગાળાના રૂ.૭૩૭૯ કરોડની તુલનાએ ૧૩.૭ ટકા વધીને રૂ.૮૩૮૯ કરોડ થયો છે.

કંપનીના રિઝલ્ટ ફાઈવ-જી નેટવર્કની મજબૂતાઈ, બ્રોડબેન્ડના વધતા વ્યાપને દર્શાવે છે : આકાશ અંબાણી

કંપનીની કુલ આવક રૂ.૪૨,૬૫૨ કરોડની તુલનાએ ૩.૩ ટકા વધીને રૂ.૪૭,૪૮૫ કરોડ થઈ છે.



ઈબીટા ૧૬.૬ ટકા વધીને રૂ.૨૧,૮૭૯ કરોડ અને ઈબીટા માર્જિન ૨૫૦ બેઝિઝ પોઈન્ટ વધીને ૫૪.૧ ટકા હાંસલ કર્યું છે. જિયો પ્લેટફોર્મ્સના મેનેજિંગ ડિરેક્ટર આકાશ એમ. અંબાણીએ પરિણામ વિશે જણાવ્યું હતું કે, 'એક લિસ્ટેડ કંપની તરીકે અમે નવા યુગમાં પ્રવેશ કરી રહ્યા છીએ. આ ત્રિમાસિકના પરિણામો અમારા ફાઈવ-જી નેટવર્કની મજબૂતાઈ અને બ્રોડબેન્ડ અને ડિજિટલ સર્વિસિઝના વધતા વ્યાપને દર્શાવે છે. સેટેલાઈટ કોમ્યુનિકેશન, ૬જી સંબંધિત ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી અને અમારી મુખ્ય વોઈસ તથા ડેટા સર્વિસિઝમાં એઆઈના એકીકરણ જેવા ક્ષેત્રોમાં અમે અમારી ક્ષમતાઓને સતત વિકસાવતા રહીશું. આ પ્રકારે અમે અમારા તમામ હિતધારકો માટે લાંબાગાળે મૂલ્યનું સર્જન કરવા માટે પ્રતિબદ્ધ છીએ.'

જિયો પ્લેટફોર્મ્સે બીજા ત્રિમાસિકમાં ૩૦ કરોડ ફાઈવ-જી સબસ્ક્રાઈબરોનો માઈલસ્ટોન પાર કર્યો છે અને છેલ્લા ૧૨ મહિનામાં ૬૬૦ લાખ ફાઈવ-જી યુઝર્સ મેળવ્યા છે. કુલ સબસ્ક્રાઈબરોની સંખ્યા ત્રિમાસિકમાં ૯૧ લાખ વધીને ૫૪.૨ કરોડ પહોંચી છે. જિયોનું એવરેજ રેવન્યુ પર યુઝર (એઆરપીયુ) ૩.૫ ટકા વધીને રૂ.૨૧૮.૮ થયું છે.

સેવા ક્ષેત્રના ઉત્પાદન વૃદ્ધિ દરમાં મજબૂત ગતિએ સુધારા તરફી ચાલ

અમદાવાદ, તા. ૩૦

ટ્રાયલ ઈન્ડેક્સ ઓફ સર્વિસિસ પ્રોડક્શન હેઠળ આવરી લેવાયેલા ૧૯ ક્ષેત્રોમાંથી ૧૧ ક્ષેત્રોમાં જુલાઈની સરખામણીએ ઓગસ્ટમાં ઝડપી વૃદ્ધિ નોંધાતા, ભારતના સેવા ક્ષેત્રના ઉત્પાદનમાં મજબૂત ગતિએ વધારો ચાલુ રહ્યો છે. જોકે, આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય હજુ સુધી આ ઈન્ડેક્સ માટે એકંદર વિકાસ દર પ્રકાશિત કરતું નથી, અર્થશાસ્ત્રીઓએ એવો અંદાજ લગાવ્યો છે કે ૧૯ ક્ષેત્રોનું ઉત્પાદન ઓગસ્ટમાં ૧૪% વધ્યું છે, જે જુલાઈમાં ૧૩.૫% હતું. ઈન્ડેક્સ હેઠળના ૧૯ ક્ષેત્રો પૈકી ૧૩ ક્ષેત્રોમાં ઓગસ્ટમાં વાર્ષિક ધોરણે બેવડા અંકમાં વૃદ્ધિ જોવા મળી છે, જ્યારે જુલાઈમાં આવા ૧૦ ક્ષેત્રો હતા.

જૂન ૨૦૨૬થી આ ઈન્ડેક્સ દ્વારા બેવડા અંકની વૃદ્ધિની ગતિ દર્શાવવામાં આવી રહી છે, જેમાં ઓગસ્ટ ૨૦૨૬ સુધીના ત્રણ મહિના દરમિયાન સરેરાશ ૧૩.૬% નો વિકાસ જોવા મળ્યો છે. એકંદર જીડીપીમાં સેવા ક્ષેત્રના મહત્વને ધ્યાનમાં લેતા, આ પ્રવાહ ૨૦૨૬-૨૭ના બીજા ક્વાર્ટરમાં જીડીપીમાં મજબૂત વૃદ્ધિની સંભાવના દર્શાવે છે.

અર્થશાસ્ત્રીઓના જણાવ્યા મુજબ, ઓગસ્ટ મહિનાના આ ઈન્ડેક્સના આંકડા સેવા ઉત્પાદનમાં મજબૂત ગતિ દર્શાવે છે. સેવા ક્ષેત્ર એ ભારતમાં આર્થિક પ્રવૃત્તિઓનું મુખ્ય ચાલક બળ છે. હાલમાં આ ઈન્ડેક્સ હેઠળ આવરી લેવાયેલા ૧૯ ક્ષેત્રો ઔપચારિક સેવા ક્ષેત્રના આશરે ૬૦% હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે.

રિટેલ વેપારમાં ઓગસ્ટમાં સૌથી વધુ ૧૯.૯% ની વૃદ્ધિ જોવા મળી હતી, ત્યારબાદ રિયલ એસ્ટેટ અને રિપેરિંગ સેવાઓ આવે છે, જેમાં બંને ક્ષેત્રોમાં ૧૭.૬% નો વધારો થયો હતો.

શાકભાજી, કરિયાણા બાદ હવે જ્વેલરીની ડિલીવરી પણ મિનિટોમાં

બાસ્કેટ વેલ્યૂ વધારવા ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ હવે જ્વેલરી તરફ વળ્યા

અમદાવાદ, તા. ૩૦

કરિયાણા અને ઘરગથ્થુ જરૂરી ચીજવસ્તુઓથી આગળ વધીને, ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ હવે ઈયરિંગ્સ (બુટ્ટી), ગોલ્ડ-પ્લેટેડ પેન્ડન્ટ્સ અને અન્ય સસ્તી એક્સેસરીઝનો સમાવેશ કરવા માટે પોતાની પ્રોડક્ટ શ્રેણીનો વિસ્તાર કરી રહ્યા છે. 'ડેમી-ફાઈન' (સેમી-પ્રેશિયસ) જ્વેલરી તરફનો આ વિસ્તાર ગ્રાહકો પાસેથી દરેક ઓર્ડરમાં વધુ ખર્ચ કરાવવાના વ્યાપક પ્રયાસને દર્શાવે છે, સાથે જ પરંપરાગત ઓનલાઈન ડિલિવરીની રાહ જોયા વિના તાત્કાલિક ખરીદી કરવાની માંગને પણ પહોંચી વળે છે.

આ પ્લેટફોર્મ્સ પર જાણીતી કંપનીઓની ઓછામાં ઓછી ૭૦થી વધુ પ્રીમિયમ જ્વેલરી બ્રાન્ડ્સ લિસ્ટેડ

હાલ કાર્યરત વિવિધ ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ પર ઓછામાં ઓછી ૭૦થી વધુ પ્રીમિયમ જ્વેલરી બ્રાન્ડ્સ લિસ્ટેડ છે. આ બ્રાન્ડ્સ જાણીતી કંપનીઓની છે, જેમની પ્રોડક્ટ્સ સામાન્ય રીતે રૂ. ૧,૬૯૯થી રૂ. ૧૫,૦૦૦ વચ્ચેની કિંમત ધરાવે છે. ડેમી-ફાઈન જ્વેલરીમાં ૯૨૫ સ્ટર્લિંગ સિલ્વર, સ્ટેનલેસ સ્ટીલ અને પિત્તળ (બ્રાસ) જેવી ધાતુઓનો ઉપયોગ થાય છે, જેના પર ગોલ્ડ કે રોડિયમ પ્લેટિંગ કરવામાં આવે છે.



આ પ્લેટફોર્મ્સ માટે મુખ્ય આકર્ષણ એ છે કે ડિલિવરી ખર્ચમાં મોટો વધારો કર્યા વિના વર્તમાન ગ્રાહકો પાસેથી વધુ આવક ઊભી કરી શકાય છે. જ્વેલરી વજનમાં હલકી હોય છે, તેને સ્ટોરેજ માટે પ્રમાણમાં ઓછી જગ્યા જોઈએ છે અને તે ઓર્ડરનું મૂલ્ય નોંધપાત્ર રીતે વધારી શકે છે. ઉદાહરણ તરીકે, રૂ. ૫૦૦ના ગ્રોસરી બાસ્કેટમાં રૂ. ૧,૫૦૦ નું પેન્ડન્ટ ઉમેરવામાં આવે તો ઓર્ડર વેલ્યૂ વધીને રૂ. ૨,૦૦૦ થઈ જાય છે, જોકે નફો ડિસ્કાઉન્ટ, કમિશન, ઈન્વેન્ટરી ખર્ચ અને રિટર્ન પર નિર્ભર રહે છે. ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સનું ધ્યેય એ છે કે પહેલેથી તૈયાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા હાલના ગ્રાહક પાસેથી વધુ કમાણી કરવી. જ્વેલરી વધુ ડિલિવરી વજન કે સ્ટોરેજ સ્પેસ ઉમેર્યા વગર ઓર્ડરની કિંમતમાં વધારો કરી શકે છે. રોજિંદી ઘણી કેટેગરીઓ કરતાં જ્વેલરીમાં ઊંચા ગ્રોસ માર્જિન હોવાથી ઓર્ડર દીઠ યોગદાનમાં પણ સુધારો થઈ શકે છે.

ગ્રાહકોની ખરીદીના પ્રસંગો પણ વધુ એક તક પૂરી પાડે છે. જ્વેલરીની ખરીદી ઘણીવાર ગિફ્ટિંગ, તહેવારો, ઓફિસ સેલિબ્રેશન અને છેલ્લી ઘડીએ બનતા સામાજિક આયોજનો સાથે જોડાયેલી હોય છે, જ્યાં કિંમત કરતાં ઝડપ અને સુવિધા વધુ મહત્વપૂર્ણ બની જાય છે. બહુવિધ બ્રાન્ડ્સ અને ડિઝાઈનની ઉપલબ્ધતા ગ્રાહકોને પરંપરાગત ઈ-કોમર્સ કે ડાયરેક્ટ-ટુ-કન્ઝ્યુમર પ્લેટફોર્મ્સ પરથી ડિલિવરી માટે એક કે તેથી વધુ દિવસ રાહ જોવાનો સારો વિકલ્પ આપે છે.

જેમ જેમ ગ્રાહકો ઝડપી ડિલિવરી પ્લેટફોર્મ્સ દ્વારા આવી પ્રોડક્ટ્સ ખરીદવામાં વધુ સહજ બનશે, તેમ આ તક ભવિષ્યમાં વધુ ઊંચી કિંમત ધરાવતી જ્વેલરી સુધી પણ વિસ્તરી શકે છે.

૧ નવેમ્બરથી મ્યુ. ફંડ ક્ષેત્રે રોકાણના નિયમો બદલાશે

અમદાવાદ, તા. ૩૦

તા. ૧ નવેમ્બરથી મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રે રોકાણના નિયમો બદલાશે. એસેટ મેનેજમેન્ટ કંપનીઓ ડિજિટલ પ્લેટફોર્મ પર ડાયરેક્ટ મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓને ડિફોલ્ટ વિકલ્પ બનાવવા માટે તૈયાર છે. આનો અર્થ એ છે કે જો કોઈ રોકાણકાર નિયમિત યોજના પસંદ કરે છે, તો તેમને

ડિજિટલ પ્લેટફોર્મ પર ડાયરેક્ટ મ્યુચ્યુઅલ ફંડ આપમેળે પસંદગીનો વિકલ્પ બનશે

તેના ઊંચા ખર્ચ ગુણોત્તર (ખર્ચ) વિશે અગાઉથી જાણ કરવામાં આવશે.

સેબીના ચેરમેન તુહિન કાંત પાંડેએ કહ્યું હતું કે નિયમોને સરળ બનાવવાના પ્રયાસોના ભાગ રૂપે, સેબી લિસ્ટિંગ અને ડિસ્ક્લોઝર નિયમોની સમીક્ષા કરી રહી છે. વધુમાં, મ્યુચ્યુઅલ ફંડ વ્યવહારો માટે નેટ સેટલમેન્ટ પર વિચારણા કરવામાં આવી રહી છે. પાંડેએ લિસ્ટેડ કંપનીઓની દેખરેખ અને ભંડોળ ઊભું કરવાની પ્રક્રિયાઓને મજબૂત બનાવવા માટે લેવામાં આવતા પગલાંની રૂપરેખા આપી. તેમણે જણાવ્યું હતું કે કેટલીક લિસ્ટેડ કંપનીઓ, જેમાં ઓછી અથવા કોઈ આર્થિક પ્રવૃત્તિ નથી, શેલ કંપનીઓ તરીકે કાર્ય કરે છે, જેનાથી બજારનું જોખમ વધે છે. ૧ નવેમ્બરથી, ડાયરેક્ટ મ્યુચ્યુઅલ ફંડ ડિજિટલ પ્લેટફોર્મ પર આપમેળે પસંદગીનો વિકલ્પ બની જશે. રેગ્યુલર પ્લાન પસંદ કરવાથી ખર્ચ ગુણોત્તરની ચેતવણી મળશે.

CDSLને નિયમનકારી અને ઓપરેશનલ ક્ષતિઓ બદલ સેબીની રૂ. એક કરોડની પેનલ્ટી

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ તા. ૩૦

મૂડીબજાર નિયામક તંત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ ડિપોઝિટરી સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિઝ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ)ને વિવિધ નિયમનકારી અને ઓપરેશનલ ક્ષતિઓ-ખામીઓ બદલ રૂ. એક કરોડનો દંડ ફટકાર્યો છે.

સેબી દ્વારા શુક્રવારે આપવામાં આવેલા આદેશમાં સીડીએસએલની નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કામગીરીનું નિરીક્ષણ કર્યા બાદ અનેક નિયમનકારી જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળતા નોંધવામાં આવી છે. ખાસ કરીને શેરના પ્લેજ રિક્વેસ્ટ રદ થવાના કારણોની જાણ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ (ડીપીઝ)ને ન કરવી, ક્લાયન્ટ અનપેઈડ સિક્યોરિટીઝ એકાઉન્ટ (સીયુએસએ) સંબંધિત પ્રક્રિયામાં ખામીઓ, ડેટા સુરક્ષાની નબળી વ્યવસ્થા અને ડિઝાસ્ટર રિકવરી (ડીઆર) ડ્રિલમાં ગંભીર ક્ષતિઓ સામે આવી છે. સેબીએ સીડીએસએલને આદેશની તારીખથી ૪૫ દિવસની અંદર રૂ. એક કરોડનો દંડ ભરવાનો નિર્દેશ આપ્યો છે. નિર્ધારિત સમય મર્યાદામાં દંડની ચૂકવણી નહીં કરવામાં આવે તો વસૂલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે.

સેબીએ નોંધ્યું છે કે, જ્યારે શેરના પ્લેજ માટેની કોઈ વિનંતી નકારી કાઢવામાં આવે છે, ત્યારે તેના કારણોની જાણ શેર ગીરવે મૂકનાર (પ્લેજર) અને શેર ગીરવે લેનાર (પ્લેજી) બન્ને પક્ષના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટસને કરવી જરૂરી છે. પરંતુ સીડીએસએલ દ્વારા આ નિયમનું યોગ્ય પાલન કરવામાં આવ્યું નહોતી. પરિણામે સંબંધિત ડીપીને પ્લેજ રિક્વેસ્ટ કેમ રદ કરવામાં આવી, તેની પૂરતી જાણકારી મળતી નહોતી. સેબીએ સીડીએસએલની સાયબર સિક્યોરિટી વ્યવસ્થામાં પણ કેટલીક ગંભીર ખામીઓ શોધી કાઢી હતી. આ સાથે ડિઝાસ્ટર રિકવરી વ્યવસ્થામાં પણ ક્ષતિઓ દર્શાવી છે. આ સિવાય સેબીએ સીડીએસએલ દ્વારા ઓળખવામાં આવેલી સોફ્ટવેર અને સિસ્ટમની સુરક્ષા સંબંધિત ખામીઓ નિર્ધારિત સમય મર્યાદામાં દૂર કરવામાં નિષ્ફળતા પણ નોંધી છે.

દિવાળી ટાંણે સૂકામેવાની બજારમાં પીસ્તા તથા બદામના ભાવમાં વૃદ્ધી

મુંબઈ, તા. ૩૦

દેશમાં દિવાળીના તહેવારો હવે નજીક આવ્યા છે ત્યારે વિવિધ બજારોના વેપારીઓની નજર તહેવારોમાં નિકળતી મોસમી માગ પર રહી છે. દિવાળીના તહેવારોમાં સામાન્યપણે મીઠાઈઓ તથા વિવિધ સૂકામેવાની માગ વધતી હોય છે. તાજેતરના વર્ષોમાં જો કે ચોકલેટોની માગ પણ તહેવારોમાં વધતી જોવા મળી છે. દરમિયાન, આ વર્ષે બજારોમાં વિવિધ સૂકામેવાના ભાવ ઉંચા ગયાનું વેપારી વર્ગે જણાવ્યું હતું. ખાસ કરીને બદામ તથા પીસ્તાના ભાવ નોંધપાત્ર વધ્યા છે. આવા સંજોગોમાં હવે દિવાળીમાં ભેટ તરીકે અપાતા ડ્રાયફ્રૂટના બોક્સમાં આ વર્ષે હવે બદામ તથા પિસ્તાનું પ્રમાણ ઘટશે તથા કાજુ, કિસમીસ તથા મખાનાનું પ્રમાણ વધુ જોવા મળશે એવી શકયતા જાણકારો બતાવી રહ્યા હતા. આ વર્ષે શરૂઆતમાં અમેરિકાનું ટેરીફ યુદ્ધ



તથા ત્યારબાદ ઈરાન યુદ્ધના પગલે વિશ્વના વિવિધ બજારોમાં પ્રવાહો પલ્ટાતા જોવા મળ્યા છે.

આ વર્ષે પીસ્તા બજારમાં ભાવ સરેરાશ ૩૦થી ૪૦ ટકા વધી ગયા હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, બદામના ભાવમાં આશરે ૨૦ ટકાની વૃદ્ધી નોંધાઈ છે. આની સરખામણીએ ખજૂર તથા અખરોટ જેવા ગણાતા પેકાન્સના ભાવ ઓછા વધ્યા છે. આ ચીજોના ભાવ પથી ૧૦ ટકા વધ્યા છે. જો કે કાજુ, અખરોટ, કિસમીસ તથા મખાનાના ભાવ ગયા વર્ષની સરખામણીએ મોટાભાગે જળવાઈ રહ્યા હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. એકંદરે વિવિધ સૂકામેવાની બાસ્કેટના ભાવ આ દિવાળીએ ૧૦ ટકા જેટલા ઉંચા જવાની ગણતરી નટસ એન્ડ ડ્રાયફ્રૂટસ કાઉન્સિલના સૂત્રોએ દર્શાવી હતી. જોકે અમુક વર્ગ આ ભાવ વૃદ્ધીની ટકાવારી ૧૫ ટકા સુધી જવાનીજ શક્યતા પણ દર્શાવતો જોવા મળ્યો છે.

વૈશ્વિક સ્તરે આ વર્ષેપીસ્તાના ઉત્પાદનમાં ૪૦થી ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે જ્યારે બદામનું ઉત્પાદન આશરે ૧૦ ટકા ઘટયું હોવાનું કોમોડિટી ટ્રેડિંગ કોર્પોરેશનના સૂત્રો જણાવી રહ્યા હતા. ઈરાન તથા અફઘાનિસ્તાનથી સપ્લાય ઘટી છે. આ ઉપરાંત ઈરાન યુદ્ધના પગલે જહાજી ભાડામાં પણ વૃદ્ધી થઈ છે. હવાઈ ભાડા પણ વધ્યા છે. હવાઈ ભાડા કિલોના ૨૦૦થી ૩૦૦ સુધી પહોંચ્યા છે આની અસર પણ સૂકામેવાની બજાર પર દેખાઈ છે. ઈરાન તથા અમેરિકામાં પીસ્તાના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થયાના સમાચાર મળ્યા હતા. જો કે કાજુ તથા કિસમીસના ભાવ એકંદરે જળવાઈ રહ્યા ઠે તથા ભાવ વૃદ્ધી પણ નજીવી રહી છે. જોકે અમુક દુકાનદારો તથા વેપારીઓએ પોતાનું નફાનું માર્જિન ઘટાડી ગ્રાહકોને દિવાળી ટાંણે ઓછી ભાવ વૃદ્ધીનો સામનો કરવો પડે એવો વ્યુહ અપનાવતા પણ જોવા મળ્યા છે. કોરોના પછી લોકો આરોગ્ય પ્રત્યે વધુ સભાન બનતાં વિવિધ સૂકામેવાની માગ તહેવારો ઉપરાંત રોજબરોજના વપરાશમાં પણ વધતી જોવા મળી છે. કાજુની માગ ૧૦ ટકા વધવાની શક્યતા જાણકારો બતાવતા હતા. દરમિયાન, અખરોટની સપ્લાય તાજેતરમાં વધી છે તથા બદામની નવી આવકો પર પણ બજારની નજર રહી છે. કોળાના બીજ (પમ્પકીન સીડસ)નો વપરાશ વૈશ્વિક સ્તરે વધ્યો છે તથા ભારતમાં હવે કોર્પોરેટ ભેટમાં આવા સીડસનો ઉમેરો થવાની શક્યતા જાણકારો બતાવી રહ્યા હતા. ઈડામામે તરીકે ઓળખાતા કાચા સોયાબીનનો વપરાશ પણ કોર્પોરેટ ભેટના બોક્સમાં વધવાની શક્યતા બતાવાઈ રહી છે. યુવા વર્ગમાં હેઝલનટની માગ પણ વધી છે.

પીસ્તાના ભાવ ૩૦થી ૪૦ ટકા ઉંચાઃ બદામના ભાવ ૨૦ ટકા વધ્યાઃ ડ્રાયફ્રૂટ બોક્સમાં આ વર્ષે કાજુ તથા કિસમીસનું પ્રમાણ વધવાની શક્યતા!

JIO PLATFORMS LIMITED

નોંધણીકૃત કાર્યાલય: કાર્યાલય - ૧૦૧, સેફરોન, સેન્ટર પોઈન્ટ નજીક, પંચવટી ૫ રસ્તા, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૦૬, ગુજરાત, ભારત
ફોન: +૯૧ ૭૯૩૫૦ ૩૧૨૦૦ | ઈમેઈલ: jpl.investorrelations@jio.com | વેબસાઈટ: www.jio.com
CIN: U72900GJ2019PLC110816

૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના પૂરા થયેલા ત્રિમાસિક / અર્ધવાર્ષિક ગાળા માટે અનઓડિટેડ કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનો સાર

(₹ કરોડમાં, શેર દીઠ ડેટા સિવાય)

વિવરણ	પૂરું થયેલું ત્રિમાસિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬	પૂરું થયેલું અર્ધવાર્ષિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬	પૂરું થયેલું ત્રિમાસિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫
વેચાણ અને સેવાઓનું મૂલ્ય (આવક)	૪૭,૪૮૫	૯૩,૪૪૬	૪૨,૬૫૨
બાદબાકી: વસૂલ કરેલી જીએસટી	૭,૦૧૦	૧૩,૭૯૮	૬,૩૨૦
કાર્યકારી આવક	**૪૦,૪૭૫**	**૭૯,૬૪૮**	**૩૬,૩૩૨**
વેરા પૂર્વેનો નફો	૧૧,૨૫૯	૨૧,૬૮૬	૯,૯૩૭
વેરા પછીનો નફો	**૮,૩૮૭**	**૧૬,૧૫૧**	**૭,૩૭૯**
સહયોગીઓ અને સંયુક્ત સહસોના હિસ્સા પછીનો નફો / (નુકાસન)	૦	૦	(૪)
વેરા પછીનો અને સહયોગીઓ અને સંયુક્ત સહસોના નફા / (નુકસાન) પછીનો નફો	**૮,૩૮૭**	**૧૬,૧૫૧**	**૭,૩૭૫**
કુલ એકત્રિત આવક (કર સિવાય)*	૮,૫૦૯	૧૬,૩૨૬	૭,૪૨૮
પેઈડ અપ ઈક્વિટી શેરમૂડી, ઈક્વિટી શેર ₹૧૦/- પ્રત્યેકી અન્ય ઈક્વિટી**	૮,૯૩૯	૮,૯૩૯	૮,૯૩૯
ઈક્વિટી શેર દીઠ કમાણી (₹માં) (પ્રત્યેકી ₹૧૦ની ફેસ વેલ્યુ)			
બેઝિક (₹માં)	૯.૩૮	૧૮.૦૭	૮.૨૫
ડાઈલ્યુટેડ (₹માં)	૯.૩૭	૧૮.૦૫	૮.૨૪

*બિન-નિયંત્રિત વ્યાજના હિસ્સા સહિત
**૩૧મી માર્ચ, ૨૦૨૬ના વર્ષાંત માટે અન્ય ઈક્વિટી ₹૩,૨૭,૦૩૮ કરોડ હતી.

નોંધ:
૧. ઉક્ત પરિણામો અને તેની યાદી ૩૦મી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ તેમની સંબંધિત બેઠકોમાં ઓડિટ સમિતિએ સમીક્ષા કરી છે અને બોર્ડ ઓફ ડાયરેક્ટરોએ મંજૂર કરી છે. કંપનીના કાનૂની ઓડિટરોએ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક માટે પરિણામોની મર્યાદિત સમીક્ષા કરી છે.
૨. અનઓડિટેડ સ્ટેન્ડઅલોન પરિણામો પર વધારાની માહિતી નીચે મુજબ છે:

(₹ કરોડમાં)

વિવરણ	પૂરું થયેલું ત્રિમાસિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬	પૂરું થયેલું અર્ધવાર્ષિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬	પૂરું થયેલું ત્રિમાસિક ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫
વેચાણ અને સેવાઓનું મૂલ્ય (આવક)	૫,૭૬૦	૧૧,૩૬૧	૪,૬૫૧
બાદબાકી: વસૂલ કરેલી જીએસટી	૮૭૯	૧,૭૩૩	૭૧૦
કાર્યકારી આવક	**૪,૮૮૧**	**૯,૬૨૮**	**૩,૯૪૧**
વેરા પૂર્વેનો નફો	૫૬૨	૧,૦૯૮	૪૦૪
વેરા પછીનો નફો	**૪૧૯**	**૮૧૮**	**૩૦૧**
કુલ એકત્રિત આવક (કર સિવાય)	૪૩૪	૮૨૭	૩૧૧

૩. ઉક્ત સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ્સ) નિયમન ૨૦૧૫ના નિયમન ૩૩ અંતર્ગત શેરબજારોમાં નોંધાવવામાં આવેલાં ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક / અર્ધવાર્ષિક માટેનાં અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોની વિગતવાર ફોર્મેટનો સાર છે.
૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક માટેનાં અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોની આખી ફોર્મેટ શેરબજારોની વેબસાઈટો (**www.bseindia.com / www.nseindia.com**), કંપનીના વેબ પેજ **https://www.jio.com/about/investor-relations/financials/financials-results/** પર ઉપલબ્ધ છે અને નિમ્નલિખિત ક્વિક રિસ્પોન્સ કોડ સ્કેન કરીને પણ એક્સેસ કરી શકાશે.

તારીખ: ૩૦મી ઓક્ટોબર, ૨૦૨૬

જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ વતી
સહી/-
આકાશ એમ. અંબાણી
મેનેજિંગ ડાયરેક્ટર

www.jio.com